



અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૨૩-૦૬-૨૦૨૪ રવિવાર

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,



૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
૬૩,૩૯૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૦-૦૬-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ જેઠ વદ ૨ વર્ષ : ૨૮ અંક ૨૬૭


## પોણો જુન મહિનો વિતી ગયા છતા સાર્વત્રિક વરસાદનાં અભાવ વચ્ચે ફરી આશા જન્માવતુ વાતાવરણ સર્જાયું

# અમરેલી જીલ્લામાં તોફાની મેઘસવારી : ગાડું તણાયું

### ધારીના દિતલાની શેલ નદીમાં ગાડુ તણાંયું બે ભાઇઓને ગ્રામજનોએ બચાવી લીધા

### શેલનાં ધસમસતા પુરમાં ગાડુ તણાતા એક બળદ બચી ગયો : એક બળદ તણાઇ ગયો

### ધારગણીમાં લીમડા પડી ગયાં : ટ્રાન્સફોર્મર પડી ગયું : અમરેલીમાં સાંજે ધોધમાર વરસાદ

### બગસરા, રાજુલા, ફતેપુર, વિઠલપુર, નાના ભંડારીયા, બાબાપુરમાં ધોધમાર વરસાદ








### નાના ભંડારીયામાં વોકળો બે કાંઠે : રસ્તા બંધ : અમરેલી શહેરમાં પણ એક કલાક સુધીમાં પોણો ઇંચ વરસાદ

અમરેલી,

૨૨મીએ અમરેલી જિલ્લામાં છુટાછવાયા સ્થળોએ તોફાની મેઘસવારી આવી પહોંચતા ચલાલાનાં દિતલામાં ગાડુ તણાયું હતું જેમાં એક બળદ તણાયો હતો અને એક બળદ બચી ગયો હતો. ગાડુ તણાતા ખેતરેથી ઘરે આવી રહેલા દિતલા ગામનાં ખેડુત મહેશભાઇ વિઠલભાઇ ડોબરીયા, ઘનશ્યામભાઇ વિઠલભાઇ ડોબરીયાને ગામવાળાએ બચાવ્યાં હતાં તેમ શ્રી ગૌરાંગ વાળાનો અહેવાલ જણાવે છે. અને શેલખંભાળીયા, લાખાપાદર, ધારગણી, નાગધ્રામાં ભારે વરસાદ પડ્યો હોવાનું નાગધ્રાથી શ્રી રઘુભાઇ ભડીંગજી જણાવે છે. ભારે વરસાદની સાથે પવનથી ધારગણીમાં લીમડા પડી ગયા હતાં અને ધારગણીમાં ભગરાના રસ્તે જીઇબીનું કામ

(અનુ. પાના નં.૭)










### વનતંત્ર દ્વારા ખેડુતોને હેરાન કરવાની પેરવીથી ભારેલા અગ્નિ જેવી સ્થિતી : ગમે ત્યારે ભડકો થશે

# ધારીમાં બાપદાદા વખતના ખેડુતોનાં હલાણ બંધ કરવા વનવિભાગના પ્રયાસથી ભભુકતો રોષ

### ખેડુતો દ્વારા મામલતદારશ્રીની કોર્ટમાં ચોમાસાની ખેતીની સીઝનમાં વનતંત્ર ખેડુતોનો રસ્તો બંધ ન કરે તે માટે વચગાળાનો મનાઇ હુકમ માંગવામાં આવ્યો

અમરેલી,

ધારીનાં વેકરીયાપરાનાં ખેડુતો દ્વારા તેમના વાડી ખેતરમાં જવાના રસ્તાને બંધ કરવા માટે નોટીસ અપાતા ધારીમાં બાપદાદા વખતના ખેડુતોનાં હલાણ બંધ કરવા વનવિભાગના પ્રયાસથી રોષ ભભુકી રહયો છે.

વેકરીયાપરાના ખેડુતો શ્રી લાલજીભાઈ બાવભાઈ વેકરીયા, શ્રી રમેશભાઈ વલ્લભભાઈ વઘાસીયા, શ્રી ઘનશ્યામભાઈ કરશનભાઈ વેકરીયા, શ્રી ચેતનભાઈ ગોગનભાઈ વેકરીયા, શ્રી હસમુખભાઈ હરદાસભાઈ સહિત ખેડુતો દ્વારા મામલતદારશ્રીની કોર્ટમાં દાદ માંગતા જણાવ્યુ છે કે અમે પરા પુર્વથી બાપદાદાની ખેતીનું કામ કરીએ છીએ અને આવજાવ કરીએ છીએ અને અમારી ખેતીની જમીન ઉપર જવા માટે થોડી જમીન રીઝર્વ ફોરેસ્ટની આ રસ્તાને લાગીને આવેલી છે કોઈ અગમ્ય કારણોસર અમારી પાસેથી રેકર્ડ માંગ્યુ છે અને અમારો આ રસ્તો બંધ કરાવવા વન વિભાગ પેરવી કરે છે જો આમ થાય તો અમારી જમીન પડતર થાય અમને નુકશાન જાય જેથી ચોમાસાની ખેતીની સીઝનમાં વનતંત્ર ખેડુતોનો રસ્તો બંધ ન કરે તે માટે વચગાળાનો મનાઈ હુકમ માંગવામાં આવ્યો છે.

વનતંત્ર દ્વારા વર્ષોથી ખેતી કરતા ખેડુતોને હેરાન કરવાની પેરવીથી

(અનુ. પાના નં.૫)












## અમરેલી જીલ્લા સહકારી સંઘના પદાધીકારીઓની ટર્મો પુરી થતા


# અમરેલી જીલ્લા સંઘના પ્રમુખ પદે શ્રી મનીષ સંઘાણી બીન હરીફ

**અમરેલી જીલ્લા સહકારી સંઘની વ્યવસ્થા પક્ષ સમીતીની ૫ વર્ષ માટે કરાયેલી નીમણુંક**

**શ્રી મનીષ સંઘાણી, હરજીભાઈ નારોલા, જેન્તીભાઈ વઘાસીયા, અરૂણભાઈ પટેલ, અનીલભાઈ કસવાલા, જીગ્નેશભાઈ રામાણી, યોગેશભાઈ બારૈયા, લાલજીભાઈ નાકરાણી, ધીરૂભાઈ વાળા, શરદભાઈ પંડયા સહિત બીન હરીફ**

**અમરેલી જીલ્લા સંઘમાં બીન હરીફ થયેલા ડીરેક્ટરો અને ચેરમેનને સાર્વત્રીક આવકાર**







અમરેલી,

અમરેલી જિલ્લા સહકારી સંઘની વ્યવસ્થાપક સમિતિ ની પાંચ વર્ષ માટે ચૂંટણી યોજાય હતી જેમાં શ્રી મનીષ સંઘાણી, શ્રી હરજીભાઈ નારોલા, શ્રી જયંતીભાઈ વઘાસીયા, શ્રી અરુણભાઈ પટેલ, શ્રી અનિલભાઈ કસવાળા, શ્રી જીગ્નેશભાઈ રામાણી, શ્રી યોગેશભાઈ બારૈયા, શ્રી લાલજીભાઈ નાકરાણી, શ્રી અલ્પાબેન રામાણી, શ્રી સુનિલભાઈ સંઘાણી, શ્રી ધીરુભાઈ વાળા, શ્રી શરદભાઈ પંડ્યા, શ્રી દેવભાઈ વરૂ, શ્રી નારણભાઈ ધંધુકિયા, શ્રી બાબુભાઈ હિરપરા, શ્રી હરેશભાઈ પટોળીયા સહીત ના તમામ બોર્ડ ફ ડાયરેક્ટરર્સ શ્રીઓ બિન હરીફ ચૂંટાઈ આવ્યા હતા. જેમાંથી અઢી વર્ષ ની ટમ માટે અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને માનદમંત્રી ની ચૂંટણી યોજાય હતી જેમાં અધ્યક્ષપદ માટે શ્રી મનીષ સંઘાણી, ઉપાધ્યક્ષશ્રી હરજીભાઈ નારોલા અને માનદમંત્રીપદ માટે જયંતિભાઈ વઘાસીયા એ દાવેદારી કરી હતી. જેમાં હરીફ ઉમેદવાર ફોર્મ ન ભરાતા અધ્યક્ષ પદ પર યુવાનેતા શ્રી મનીષ સંઘાણી, ઉપાધ્યક્ષપદ પર શ્રી હરજીભાઈ નારોલા અને માનદ મંત્રી પદ શ્રી જયંતિભાઈ વઘાસીયા બિન હરીફ ચૂંટાઈ આવ્યા હતા. ત્યારે જિલ્લા ના રાજકીય આગેવાનો અને સહકારી અગ્રણીઓ અમરેલી જિલ્લા સહકારી સંઘ ની કચેરી ખાતે શુભકામનાઓ પાઠવવા માટે ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી રાહુલ ગાંધીએ રાજકોટ ગેમઝોનની આગના પિડીતો સાથે વાતચીત કરી

### કોંગ્રેસના રાહુલ ગાંધીએ આશ્વાસન આપ્યું



અમરેલી,

ગુજરાતનાં રાજકોટનાં ગેમીંગ ઝોનમાં ભીષણ આગથી અનેક પિડીતો ભોગ બન્યા છે. આ અંગે શ્રી રાહુલ ગાંધીએ આશ્વાસન આપતા જણાવ્યુ હતુ કે કોંગ્રેસ પાર્ટી તેમની સાથે છે. સરકાર પર નિષ્પક્ષ પ્રકાશ કરવા કોંગ્રેસના નેતાઓ પણ સાથે રહેશે તેમ જણાવ્યુ હતુ અને ભીષણ આગના પિડીતો સાથે ઝુમ કોલ ઉપર વાતચીત કરી હતી.

## ગુજરાતમાં ભારે વરસાદની આગાહી : હવામાન વિભાગે ઓરેન્જ અને યેલો એલર્ટ આપ્યું

(જી.એન.એસ) અમદાવાદ,

હવામાન વિભાગ દ્વારા સાયક્લોનિક સરક્યુલેશન સર્જાતા આગામી ૩ દિવસ દરમ્યાન વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. રાજ્યમાં ભારે થી અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. જ્યાં હવામાન વિભાગે રાજ્યમાં વરસાદનું યેલો અને ઓરેન્જ અલર્ટ અપાયું છે. જેમાં દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદની આગાહી કરાઈ છે. આજે વલસાડ, દમણ,દાદરાનગર નગર હવેલી વરસાદનું ઓરેન્જ અલર્ટ અપાયું.

## યોગા ડે ની ક્રિએટિવ યોગા ગ્રુપના બહેનો દ્વારા વિશિષ્ઠ રીતે ઉજવણી

### ક્રિએટિવ યોગા ગ્રુપના બહેનો દ્વારા વ્યાયામ મંદિરમાં નિઃશુલ્ક યોગા પ્રશિક્ષણ





અમરેલી,

તા. ૨૧ જૂનના ઈન્ટરનેશનલ યોગા ડે નિમિતે સમર્થ વ્યાયામ મંદિરમાં ક્રિએટિવ યોગા ગ્રુપના બહેનો દ્વારા વિશિષ્ઠ ઉજવણી કરાઈ. વર્ષોથી સમર્થ વ્યાયામ મંદિર (અખાડા) માં બહેનો ના વર્ગ ચાલી રહ્યા છે, જેમાં દર વર્ષની પરંપરા અનુસાર આ વર્ષે પણ બહેનો દ્વારા તા. ૨૧ જૂન ના વિશ્વ યોગા દિવસની ઉજવણી કરવા માં આવી. જે અન્વયે વિવિધ યોગા આસનોની કવીઝ યોગાસનની ગેઈમ તથા તેના લાભ ને પ્રાયોગિક રીતે સમજણ આપવા માં આવી તથા યોગ અને પ્રાણાયામ ને લગતી પ્રવૃત્તિ માં આવી, જેમાં બહોળી સંખ્યા માં બહેનો એ ભાગ લીધો હતો. આ યોગા વર્ગ માં શ્રી પારૂલબેન ગાંધી, મમતાબેન મહેતા, સંગીતાબેન જીવાણી તથા માધવીબેન ભટ્ટ સેવા આપી રહ્યા છે, જેમને સંસ્થા સંચાલકો અને ટ્રસ્ટી મંડળ નો સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે. વ્યાયામ મંદિરમાં ક્રિએટિવ યોગા ગ્રુપના બહેનો દ્વારા સાંજે ૪ ૬ નિઃશુલ્ક યોગા પ્રશિક્ષણ નિયમિત રીતે આપવામાં આવે છે જેની કોઈ ફી લેવામાં આવતી નથી


**રસોઈ કામ માટે કોન્ટ્રાકટ આપવાનો છે.**

શ્રવણ પ્રસાદ સેવા અમરેલી ખાતે સેવાયજ્ઞ ચાલે છે. તેમા બપોરે ૧૦૦ થી ૧૨૦ અને સાંજે ૮૦ થી ૧૦૦ સુધીના વ્યકિતઓનું ભોજન બનાવવાનું રસોઈ માટે લેબર કામ આપવાનું હોય, રસ ધરાવનાર વ્યકિતઓએ નીચેના સરનામે ફોન કરી સંપર્ક કરવો સંસ્થાની જરૂરીયાત ચકાસી સંસ્થામાંથી ટેન્ડર લઈ જવા તા.૨૯-૬-૨૪ સુધીમાં બંધ કવરમાં ભાવ લખી ત્રણ કર્મચારીના નામ લખી પહોંચાડવા.

સ્થળ : શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર
ડો.પ્રતાપભાઈ પંડયા ભવન ચિતલરોડ, અમરેલી.
મો.૯૪૦૮૮૩૭૪૩૪, સવારે ૧૦:૦૦ થી ૧૨:૩૦, સાંજે ૪:૩૦ થી ૭:૦૦

**અમરેલી તથા સુરત**
ચકાભાઈ ભેળવાળા ફુડ કોર્ટ
સ્વાદિષ્ટ વિવિધ ટેસ્ટમાં ભેળ,બર્ગર, પીઝા સેન્ડબીચ, વિગેરે અનેક વેરાઈટી
સીટી પોઈન્ટ કોમ્પ્લેક્ષ, મોટા બસ સ્ટેન્ડ સામે,અમરેલી.
મો. ૯૮૨૫૭ ૫૫૬૦૫

**ધારીમાં વહેંચવાનું છે**
(૧) સારો ધંધો હેતુ ૧૬ રૂમનું ગેસ્ટહાઉસ.
(૨) દુકાનો નંગ - ૮ વહેંચવાની છે.
(૩) પ્લોટીંગની આખી પ્રિન્ટ - બિલ્ડરો માટે, રોકાણકારો માટે, રહેણાંકના પ્લોટ.
(૪) અજન્તા સો. માં બંગલો તથા પ્લોટ નંગ - ૩ વહેંચવાના છે.
મો.નં. ૯૪૨૬૯ ૨૭૦૬૧

**કારખાનું બનાવો કે વિક એન્ડ વિલા**
નોંધ : જેઓ ખેડૂત ખાતેદાર નથી, પરંતુ ફાર્મ હાઉસ બનાવવા ઈચ્છતા હો, તો ચોકકસ રૂબરૂ મળો...
ગાવડકા ચોકડી પાસે તદ્દન ટાઈટલ કલીયર ચાલુ કારખાનું અરજન્ટ વેચવાનું છે.
ગાવડકા ચોકડી પાસે ઈન્ડસ્ટ્રીયલમાં ફેરવાયેલ ચોખ્ખા પ્લોટ ૪ લાખના વસાનાં ભાવથી વેચવાના છે.. (પેમેન્ટ અરજન્ટ)
ચિતલ રોડ ઉપર પાર્ટી પ્લોટ – ઉદ્યોગ કે ફાર્મ હાઉસને લાયક ૨૪૦ વાર જગ્યા ૧ વાર / ૧૫૦૦
વધુ વિગત માટે : લાભમ્ પ્રોપર્ટીઝ : ૯૪૨૮૯ ૭૦૯૫૪

**KG થી ધો. ૫ કન્યા કુમાર – 6 મંથ ફી**

| | | | |
|---|---|---|---|
| નર્સરી KG ૧–૨ GM | ૧૬૦૦ | નર્સરી KG ૧–૨ EM | ૨૯૦૦ |
| ધો. ૧ થી ૫ GM | ૨૬૦૦ | ધો. ૧ થી ૫ GSEB | ૩૮૦૦ |
| ધો. ૧ થી ૫ CBSE | પ્રોસેસ | ધો. ૧ થી ૫ ICSE | ૪૫૦૦ |

★ EM સવારે – GM બપોરે – KG ફ્રી નાસ્તો – BA Eng - B.Sc. B.Ed. સ્ટાફ
★ ત્રિ માસિક – છ માસિક – નવ માસિક – વાર્ષિક પરિક્ષા – ધો. ૧ થી ૫ ડેઈલી ટેસ્ટ
★ વિવિધ એક્ટીવીટી – વિવિધ સ્પર્ધા – DG - RG - IG – ઈ લર્નિંગ – ડેમોલેબ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ (લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 049

AMARON LASTS LONG, REALLY LONG.
મનસુખભાઈ મો. ૯૮૨૪૨ ૨૦૮૬૫
ભાણાભાઈ મો. ૯૪૨૮૯ ૭૦૬૫૨
જગદિશભાઈ મો. ૯૫૭૪૧ ૪૭૪૪૭
પટેલ ટાયર એજન્સી
એમરોન બેટરીના અમરેલી જીલ્લાના ઓથોરાઈડ ડીસ્ટ્રીબ્યુટર
અજમેરા સ્કૂલ બીલ્ડીગ, મોટા બસ સ્ટેશન પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી–૩૬૫ ૬૦૧

મહેશભાઈ રાચચા મો. ૯૪૨૯૫ ૩૯૨૪૧
કલ્પેશભાઈ રાચચા મો. ૯૪૨૯૫ ૩૯૨૪૨
મિઠાઈ તથા ફરસાણમાં સદાય નવીનતા આપવી એ અમારી પરંપરા
શ્રી ભગવતી સ્વીટ માર્ટ
જુની બજાર, જૈન દેરાસર પાસે, ટાવર રોડ,અમરેલી.
બ્રાન્ચ:- સંઘવી ધર્મશાળા, દુકાન નં. ૨,કિષ્ના પેટ્રોલપંપની બાજુમાં, અમરેલી.

**શુભ પ્રસંગોમાં કેટરીગ કામ કરી આપીશું**
દરરોજ બપોરે... અલગ અલગ સ્વીટ ■ ફરસાણ ■ 3 શાક ■ દાળ–ભાત ■ રોટલી ■ છાશ ■ પાપડ ■ સલાડ
દરરોજ સાંજે... 3 શાક ■ કઢી – ખીચડી ■ રોટલી – રોટલા ■ ભાખરી ■ છાશ ■ પાપડ ■ સલાડ
૧૯૬૮ થી આપની સેવામાં....
જય ખોડીયાર ડાઈનીગ હોલ
શુધ્ધ કાઠીયાવાડી ભોજનનો રસથાળ
કિશોરભાઈ મો. ૯૯૯૮૪ ૩૯૫૫૦ રઘુવિરભાઈ મો. ૭૦૧૬૪ ૩૨૧૪૬
દુકાન નં. ૭/૮, પહેલો માળ, જુના માર્કેટયાર્ડના ગેઈટ પાસે, અમરેલી

**એલર્જી - શ્વાસ - કફ સ્પાયરોમેટ્રી સુવિધા**
ડો. ડબાવાલા
ફેફસાના નિષ્ણાંત
અમરેલી. ફો.૨૨૩૦૧૫ (૪૪ વર્ષથી)

**ચીરંજીવી હાર્ટ કેર હોસ્પિટલ એન્ડ મેટરનીટી હોમ**
ડો. સ્નેહલ સી.પંડયા MD(Medicine)
ડો.નીશા એસ.પંડયા MD(Gynaec)
Phone H.225531 Mobile.9925426394
કેરીયા રોડ, અમરેલી. e-mail : chiranjivi_amr@yahoo.co.in

ઘર જેવું સ્વાદિષ્ટ જમવાનું અમરેલીમાં ફસ્ટનંબર જે તમને સ્વાદિષ્ટ અને સાત્વિક જમવાનું પીરસશે
શ્રી ગણેશ ડાઈનીંગ હોલ : કેટરર્સ
સતાધાર કોમ્પલેક્ષ,નાના બસ સ્ટેન્ડ પાસે,અમરેલી
ફો.ઓ.૨૨૧૬૩૩,મો.૯૩૭૭૪ ૪૮૫૩૯

ડો.વિભાબેન વેલાણી
ડો.રોમી વેલાણી M.B.B.S
સ્ત્રિઓ અને બાળકોના ડોકટર
સરકારી દવાખાના સામે, બાબરા
નોંધ :- નિઃસંતાન દંપતી સારવાર માટે સજોડે આવે તથા જુના રીપોર્ટ સાથે લાવવા (રવીવારે રજા)
મો.૯૪૨૭૫ ૫૭૭૯૪

**મેટ્રો કન્સલટન્ટ**
(ટેકસ કન્સલટન્ટ)
વ્યાજબી પૈસા ઝડપી કામ
● એકાઉન્ટીંગ ● GST રીર્ટન ● I.T. રીર્ટન
સંપુર્ણ સેવા એક જ જગ્યાએ
માર્કેટયાર્ડ રોડ, હેડ પોસ્ટ ઓફીસની બાજુમાં, હરભોલે પાનની ઉપર, પહેલા માળે, અમરેલી.
મો.૯૩૭૬૬ ૫૮૬૫૨, ૯૩૭૪૨ ૩૦૨૩૧ ફોન: (૦૨૭૯૨) ૨૩૦૨૩૧

Coca-Cola
જીતુભાઈ પાથર ૯૮૯૮૦ ૫૨૯૭૭ ૯૯૯૮૧ ૧૬૬૬૬
અર્જુન એજન્સીઝ
એડ્રેસ : – ભુતીયા, ચિત્તલ રોડ, અમરેલી.

**વાડી વેચવાની છે**
૩૬ વિઘાની મુ.પીપળવા (ગીર)
તા.ખાંભા, જી.અમરેલી
૯ વિઘા પણ મળશે
નીચેના નંબર પર સંપર્ક કરો
-:: સંપર્ક ::-
મો.નં.૯૪૨૬૨ ૪૩૪૩૪

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઈટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**મકાન વેચવાનું છે**
અમરેલીમાં ચક્કરગઢ રોડ ઉપર સંકુલની પાસે ક્રિષ્ના પાર્કમાં 2BHK મકાન જેમાં પાણીનો દાર, ફોરવ્હીલ પાર્કિંગ સહિત તમામ સુવિધા ધરાવતુ કોર્નરનું મકાન વેચવાનું છે
સંપર્ક : ૮૭૫૮૦ ૯૩૦૩૦, ૮૭૫૮૭ ૯૩૦૩૦

**પ્રાઈમ લોકેશનની પ્રોપર્ટી વેચવાની છે.**
અમરેલી ચિતલ નેશનલ હાઈવે ટચ ૨૪૦૦ વારના ઈન્ડસ્ટ્રીયલ ટાઈટલ કલીયર પ્લોટ
અમરેલી ધારી જતાં અમર ડેરી થી આગળ N.H. ટચ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ વસાના ૪ લાખ
લાઠી રોડ ઉપર ફુલ્લી ફર્નિશ્ડ 3 BHK બંગલો
લાઠી રોડ ઉપર 1 BHK ફ્લેટ માત્ર ૯ લાખ
લાભમ્ પ્રોપર્ટીઝ : ૯૪૨૮૯ ૭૦૯૫૪

**ગીર ગાય વેચવાની છે**

અમરેલીમાં ગીર ગાય વેચવાની છે
હાલ ગાભણી નથી
સ્થળ : લાઠી રોડ, વૃંદાવન પાર્ક, અમરેલી
સંપર્ક : મો.૯૯૨૪૨ ૮૬૮૯૧

હોલસેલ તથા રીટેઈલમાં ખરીદવા માટે
UltraTech CEMENT The Engineer's Choice
સ્ટોકીસ્ટ
ચંદારાણા ડીસ્ટ્રીબ્યુટર્સ
માર્કેટીગ યાર્ડ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૨ ૧૯૬૯૯

## ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન જેટકો દ્વારા

# અવધ હેરીટેજ રીસોર્ટમાં બ્રીજ ટુર્નામેન્ટ યોજાઈ

**ટુર્નામેન્ટમાં શ્રી જી.એન.ભલાણી, એચ.પી.ચૌહાણ, પી.પી.શાહ અને અધિક્ષક ઈજનેરોની ઉપસ્થિતી**

**સમગ્ર ગુજરાત રાજ્યની એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન જેટકોની કુલ ૮ ટીમોએ ટુંનામેન્ટમાં ભાગ લીધો**

**૧૭મી જેટકો ઈન્ટરસર્કલ બ્રીજ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર કર્મચારીઓને પ્રોત્સાહીત કરી શુભકામનાઓ પાઠવી**

**જેટકોના ઉચ્ચકક્ષાનાં અધીકારીઓ સહિત કર્મચારીઓની ઉપસ્થિતીમાં આયોજન : ટુર્નામેન્ટમાં ભારે ઉત્સાહ છવાયો**


















અમરેલી,અમરેલીના અમરપુર વરૂડી ખાતેઅવધહેરીટેજરીસોર્ટમાંજેટકોદ્વારા ૧૭મી બ્રીજ ટુર્નામેન્ટ યોજાઈ હતી જેમાં જેટકોના કર્મચારીઓ, અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત એનર્જી કોર્પોરેશન જેટકોદ્વારા અમરેલીના અવધહેરીટેજ રીસોર્ટ ખાતે બ્રીજ ટુર્નામેન્ટ યોજાઈ હતી. જેટકોના કર્મચારીઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા તા. ૨૨ અને ૨૩ ના રોજ અવધ હેરીટેજ રીસોર્ટ વરૂડી ખાતે ગુજરાતએનર્જીટ્રાન્સમીશનકોર્પોરેશનની ૧૭મીઈન્ટ્રાસર્કલબ્રીજટુર્નામેન્ટ ૨૦૨૪ નું આયોજન પ્રવહન વર્તુળ કચેરી જેટકો દ્વારા કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે ટુર્નામેન્ટમાં જી.એન.ભલાણી, અધિક્ષક ઈજનેર પ્રવહન વર્તુળ કચેરી જેટકો અમરેલી શ્રી એચ.પી.ચૌહાણ અધીક્ષક ઈજનેર પ્રવહન વર્તુળ કચેરી જેટકો સુરેન્દ્રનગર,તથા પી.પી.શાહ અધીક્ષક ઈજનેર જેટકો નડીયાદ હાજર રહ્યા હતા અનેઆ ટુર્નામેન્ટમાં ગુજરાતની જેટકોની કુલ ૮ પ્રવહન વર્તુળ કચેરીઓએ ભાગ લીધો હતો અને ખેલાડીઓને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.

# દેરડી કુંભાજીમાં સર્વરોગ નિદાન તેમજ રક્તદાન કેમ્પ યોજાશે

**સ્વામિ શ્રી નિર્દોષાનંદ સરસ્વતી પરમહંસ સન્યાસ આશ્રમ ખાતે આયોજન : નિષ્ણાંત ડોક્ટરોની સેવા**

અમરેલી,

દેરડી કુંભાજી ખાતે સ્વામિ શ્રી નિર્દોષાનંદજી સરસ્વતી પરમહંસ સન્યાસ આશ્રમ ખાતે સર્વરોગ નિદાન અનેસારવાર તથા રક્તદાન કેમ્પ તા. ૩૦ રવિવારે સવારે ૮ થી ૧ સુધી યોજાશે. દર્દીઓના રોગોનું નિદાન કરી સારવાર કરી અપાશે અને દવાઓ વિનામુલ્યે અપાશે. દંતયજ્ઞમાં ડો. ભરતભાઈ વ્યાસ રાજકોટથી અને આયુર્વેદ કેમ્પમાં ડો. ધવલ મકવાણા, ડો. અર્ચના મકવાણા, રાજકોટથી પાચન ચામડીના રોગો, સાંધાના દુખાવાની તથા ડો. ઉમેશ પંડયા, ડો. શિવ પંડયા પંચકર્મ સેવા આપશે. ૧૧ વર્ષથી નાના બાળકોને સુવર્ણપ્રાશન ટીપા વિનામુલ્યે અપાશે.

શ્રી રણછોડબાપુ ટ્રસ્ટ રાજકોટના સહયોગથી નેત્રયજ્ઞમાં નિદાન કરી ઓપરેશન વિનામુલ્યે કરી અપાશે અને નેત્રમણી મુકી અપાશે. કેમ્પમાં દર્દીઓએ આધારકાર્ડ સાથે લાવવુ. મોતીયાના ઓપરેશન માટે માથુ ધોઈને ધોયેલા કપડા પહેરીને આવવુ. દર્દીઓએ આજુબાજુના મોબાઈલ ફોન નંબર સાથે લાવવા ઓપરેશન બાદ બીજા દિવસે રજા આપવામાં આવશે. દર્દી માટે જમવાની વ્યવસ્થા રાખી છે કેમ્પનો લાભ લેવા સ્વામિ શ્રી નિર્દોષાનંદજી સરસ્વતી સત્સંગ મંડળ દેરડી કુંભાજી દ્વારા જણાવાયુ છે.

# લીલીયા આજેમાં સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજાશે

**લોહાણા સમાજનાં તેજસ્વી તારલાઓને પ્રોત્સાહન**

લીલીયા,બીપીન રવાણી

લીલીયા મોટા ના જલારામ મંદિર ખાતે લોહાણા સમાજ લીલીયાના તેજસ્વી બાળકોને પ્રોત્સાહિત અને ઉત્સાહ વધારવા માટે રઘુવીર સેના આયોજિત સરસ્વતી સન્માન કાર્યક્રમ આવનાર તારીખ ૨૩- ૬-૨૦૨૪ રવિવાર ને સાંજના ૬:૩૦ કલાકે જલારામ મંદિર લીલીયા મોટા ખાતે યોજવામાં આવશે આ કાર્યક્રમમાં ધવલભાઈ ભીમજીયાણી બાળકોને માર્ગદર્શન આપશે સાથે આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા રઘુવીર સેનાના અધ્યક્ષ વિશાલભાઈ સોઢા, ભાવેશભાઈ સોઢા, હિતેશભાઈ માનસેતા, પિયુષભાઈ સોનપાલ,સંજયભાઈ વણઝારા,વિશેષ ઉપસ્થિત રહી સમાજના લોકોને માર્ગદર્શન આપશે તેમજ આ સમગ્ર કાર્યક્રમ ના ભોજન ના દાતા સ્વ જેન્તીભાઈ.પી.રવાણી હસ્તે કિરીટભાઈ જે રવાણી, વિનુભાઈ જે રવાણી તેમજ તેજસ્વી બાળકોને આપવામાં આવતી કીટના દાતા શ્રીમતી હંસાબેન હિતેશભાઈ કારીયા તેમજ બીપીનભાઈ રવાણી(પત્રકાર)ઉપેન્દ્રભાઈ નાગ્રેચા છે જ્યારે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજના તમામ યુવાનો વડીલો આગેવાનોને સાથ સહકાર આપવા માટે રઘુવીર સેનાના પ્રમુખ કિરીટભાઈ રવાણી દ્વારા આહવાન કરવામાં આવેલ છે.

## કોન્ટ્રાકટર્સ એસોશિએસને આવેદન પાઠવ્યું

# ગુજરાત કોન્ટ્રાકટર્સ એસો. ના સભ્ય શ્રી કનુભાઇ પટેલે ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી

**અંદાજ ૪૭૨ લાખ જેવી રકમનું પેમેન્ટ ન થતાં લીધેલું પગલું**

અમદાવાદ, (રાજેશ મહેતા) ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશનના સભ્યશ્રી કનુભાઈ પટેલે તા. ૧૫-૦૬-૨૦૨૪ના રોજ ગળેફાસો ખાઈને આત્મહત્યા કરેલ છે. શ્રી કનુભાઈ છેલ્લા ૩૫ વર્ષ જેટલા લાંબા સમયથી માર્ગ અને મકાન વિભાગમાં કોન્ટ્રાકટના કામો કરતા હતા. તેમના ભાઈના કહેવા પ્રમાણે થયેલ ખૈંઈ સુસાઈડનોટ અનુસાર કનુભાઈએ કરેલ જુદા-જુદા કામો હેઠળ અંદાજે ૪૭૨ લાખ જેવી મોટી રકમ નું પેમેન્ટ ન થતા આ માતબર રકમ રોકોઈ રહેલ હતી. જેમાં કપડવંજ પેટા વિભાગના એક રોડના કામનો ખાસ ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેમાં ૨૨૫ લાખ જેટલી રકમ છેલ્લા ૧૨ માસ કરતા વધુ સમયથી રોકાયેલ જે અંગે વ્યાજબી રજુઆત કરવા છતા પણ કપડવંજ પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી જીગર કડિયા તેમજ સુપરવાઈઝર શ્રી દિપક ગુપ્તા દ્વારા ઉંચી ટકાવારી માગણી કરી કામ ચાલુ હોવા છતાં બીનજરૂરી ખોટી નોટીસ આપીને માનસિક ત્રાસ આપી અટકાવેલ હતી. હકના રોકાઈ રહેલ નાણા છુટા ન થતા કામ પ્રત્યે તેઓ સંવેદનશીલ હોય કામ કરવા માટે તેમણે વ્યાજ પરના નાણા લઈને માલ સામાન તેમજ મજુરીના પૈસા ચૂકવતા હતા. તેઓ નાજુક અને અસહાય પરિસ્થિતિનો સામનો લાંબા સમયથી કરી રહ્યા હતા. આ સ્થિતિનું સરકારના અધિકારી-કર્મચારીના નિષ્ઠુર અને અમાનવીય વર્તન ના કારણે નિર્માણ થયેલ અને તેઓ આત્મહત્યા કરવા મજબૂર થયા. આવી કલંકરૂપ દુર ઘટના અંગે ગંભીર તમામ કોન્ટ્રાકટર ભાઈઓમાં છે જે દરેક જીલ્લાના કોન્ટ્રાકટર એસોસીએશન દ્વારા જે તે જીલ્લાના કલેક્ટરશ્રી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી ને આવેદનપત્ર આપી જાહેર કરેલ છે. અમારા કોન્ટ્રાકટર ભાઈને એટલી હદ કનડગત કરી માનસિક તાત્ર આપી આત્મહત્યા કરવી પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરનાર જવાબદાર વ્યક્તિ ની ધરપકડ કરવામાં આવેલ નથી તે તેમના મોકૂફના હુકમો પણ હજુ સુધી કરવામાં આવેલ નથી. સામે જરૂરી કડક પગલા લેવા સદરહુ બાબતે ભીનુ ના સંકેલવા તે જોવા વિનંતી તેમજ કનુભાઈએ કરેલ કામના વ્યાજબી ચુકવણા, તેમના નિસહાય કુટુંબને તાત્કાલિક મળે, અને શક્ય તેટલી નાણાકીય સહાય કરવા સરકારશ્રી ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોએ માંગ કર્યાનું જણાવ્યું છે.

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૨૩-૦૬-૨૦૨૪ રવિવાર

# દેશમાં બધે એક જ મોસમ હોય એ જમાનો હવે ગયો

ઉત્તર ભારતમાં જ્યારે ૪૭ ડિગ્રી સેલ્સિયસથી ઉપર તાપમાન પહોંચી ગયું છે અને હવામાન વિભાગ ગરમીના રેકોર્ડ હજુ વધુ તૂટશે તેવી જાહેરાત કરી રહ્યું છે, તે જ સમયે, ઉત્તર-પૂર્વ સિક્કિમમાં મુશળધાર વરસાદથી થયેલા ભૂસ્ખલનને કારણે લગભગ બે હજાર પ્રવાસીઓને એરલિફ્ટ કરવાનો સમય આવી પડ્યો છે. ભૂસ્ખલનને કારણે નેશનલ હાઈવે-૧૦ ને નુકસાન થવાને કારણે બંગાળ અને સિક્કિમનો રોડ કનેક્ટિવિટી તૂટી ગઈ છે. એક તરફ અસહ્ય ગરમી અને ગરમીના કારણે લોકો જીવ ગુમાવી રહ્યા છે, તો બીજી તરફ ભૂસ્ખલનને કારણે લોકો મૃત્યુ પામ્યા હોવાના અહેવાલો છે.

આ બનાવો વચ્ચે કુદરત, શાસન પ્રણાલિકા અને માનવીય ધીરજ અને શાણપણની પરીક્ષા લઈ રહી છે. વહીવટી તંત્રની પરીક્ષા એટલા માટે કે પાણી અને વીજળીનો અવિરત પુરવઠો એ તમામ રાજ્ય સરકારો સામે એક મોટો પડકાર બની ગયો છે, અને શહેરીજનોની કસોટી એ અર્થમાં કે આપણે ચોમાસાની ધીરજપૂર્વક રાહ જોઈને પર્યાવરણને વધુ ન બગાડવાના શું કોઈ પાઠ શીખ્યા છીએ? લગભગ વહિ.

કુદરત ગુસ્સે છે, તેને જાણવા માટે કોઈ જ્ઞાનની જરૂર નથી, કારણ કે સમગ્ર વિશ્વના ભૂગોળવેત્તાઓ અને ખગોળશાસ્ત્રીઓ દાયકાઓથી ચેતવણી આપી રહ્યા છે કે પૃથ્વીનું વાતાવરણ ઝડપથી આડે પાટે ચડી રહ્યું છે. વૈજ્ઞાનિકોએ એવા કારણો પણ સમજાવ્યા છે શાના શાના કારણે પૃથ્વીનું વાતાવરણ બદલાઈ રહ્યું છે અને શેના કારણે ચક્રવાતી તોફાનો અને અતિશય વરસાદ અથવા દુષ્કાળની આવૃત્તિ વધી રહી છે. પરંતુ ન તો વિશ્વની રાજકીય નેતાગીરીએ આ અંગે પૂરતી ગંભીરતા દાખવી છે કે ન તો વિશેષાધિકૃત વસ્તી સંવેદનશીલ બની છે.

વિકસિત દેશો કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે સતત પગલાં લઈ રહ્યા છે અને સ્થિતિ એવી છે કે માત્ર એક વર્ષ પહેલાં જ સંયુક્ત રાષ્ટ્રસંઘે કહ્યું હતું કે ૧૯૯૭ અને ૨૦૨૨ વચ્ચે માત્ર યુરોપના ગ્લેશિયર્સમાં લગભગ ૮૮૦ ક્યુબિક કિલોમીટર બરફ પીગળી ગયો છે. હવે જ્યારે કટોકટી ઘરઆંગણે છે, ત્યારે પર્યાવરણને બચાવવા માટે યુદ્ધના ધોરણે પગલાં લેવામાં આવશે તેવી હજુ પણ કોઈ નક્કર ખાતરી નથી.

જોકે ઉત્તર ભારત ચોમાસાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યું છે. તેની ઝડપ પર નજીકથી નજર રાખી રહેલા હવામાનશાસ્ત્રીઓનું કહેવું છે કે આ મહિનાના અંતમાં ઉત્તર ભારતીય રાજ્યોમાં ચોમાસું સંપૂર્ણ રીતે સક્રિય થયા પછી જ ગરમીમાંથી રાહત મળશે, જોકે તે પહેલાં હળવા વરસાદથી રાહત મળી શકે છે. આ વર્ષે સારા ચોમાસાની આગાહી ખેડૂતો માટે સારા સમાચાર છે, ત્યારે તે ફરી એકવાર શહેરી સંસ્થાઓના પ્રેક્ટિશનરોની કસોટી કરશે. દેશ વર્ષોથી સ્માર્ટ સિટીનું સપનું જોઈ રહ્યો છે. પરંતુ કમનસીબે, આપણા શહેરો માત્ર પાણી ભરાવા અને લાંબા ટ્રાફિક જામ માટે હેડલાઈન્સમાં રહે છે.

તેવી જ રીતે, મકાન બાંધકામ વિભાગે પણ શહેરોમાં જર્જરિત ઈમારતોની ઓળખ કરવી જોઈએ અને જરૂરી સાવચેતીના પગલાં લેવા જોઈએ. જો કે ખરાબ હવામાનથી ગરીબ લોકો સૌથી વધુ પ્રભાવિત થાય છે, પરંતુ આ વખતની કાળઝાળ ગરમીએ સુવિધાસભર લોકોને પણ કહી દીધું છે કે કુદરત તેમને છોડશે નહીં. શનિ-રવિના દિવસે કોંક્રીટના શહેરી જંગલોમાંથી પહાડો તરફ ભાગી જનારાઓ માટે બહુ રાહત નથી.

કારણ કે મસૂરી, દેહરાદૂન, મનાલિ જેવા સ્થળો પણ હવે તપવા લાગ્યા છે. પ્રગતિની ઈમારતો બાંધતી વખતે આપણે કુદરત સાથેની સંવાદિતાને ખલેલ ન પહોંચાડીએ તો સારું રહેશે, તો આપણે ચોમાસાની રાહ જોવાની આવી તકલીફ વેઠવી ન પડે! આ વર્ષની ગરમીને લઈને છેલ્લા ઘણા મહિનાઓથી જે સંકટનું સ્તર અનુમાન કરવામાં આવી રહ્યું હતું તે ફળીભૂત થઈ રહ્યું છે.

દિલ્હીમાં તીવ્ર ગરમીના મોજાને કારણે ૧૭ લોકોના મોત થયાના સમાચાર છે અને આ સંખ્યામાં વધારો થવાની આશંકા છે. સૂર્યની ગરમી સહન કરવાની મર્યાદા વટાવી ગયા બાદ જે લોકો બીમાર પડીને હોસ્પિટલમાં દાખલ થઈ રહ્યા છે તે દર્શાવે છે કે આ ગરમી તેમના પર છેલ્લા ઘણા સમયથી વધુ અસર કરી રહી છે.

જોકે આ વખતે દેશભરમાં જે તાપમાનનો અનુભવ થઈ રહ્યો છે તે ચિંતાજનક છે, પરંતુ દિલ્હીમાં લઘુત્તમ તાપમાને છેલ્લા પંચાવન વર્ષનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. એક અંદાજ પ્રમાણે આ વખતે દેશમાં ગરમીને કારણે એક હજારથી વધુ લોકોની જિંદગી થીજી ગઈ છે.. આ નવું હવામાન આગામી વરસોમાં ભારતીય પ્રજાનું આખું જીવનચક્ર બદલી નાંખશે. બપોરના તાપમાને ઘણા લોકો માટે તેમની સામાન્ય દિનચર્યા જ નહીં પરંતુ તેમના જીવન પર પણ સંકટ ઉભું કર્યું છે.

ઘણા રાજ્યોમાં, શાળાઓ બંધ કરવા અંગે નવી સૂચનાઓ જાહેર કરવી પડી હતી. એક તરફ અનેક લોકો એવા છે કે જેઓ જીવલેણ તાપ વચ્ચે પણ જીવન ગુજરાન ચલાવવા મજબૂર બન્યા છે, તો બીજી બાજુ સરકારી સ્તરે આવી વ્યવસ્થા ભાગ્યે જ કરવામાં આવી છે, જેના કારણે ખુલ્લા આકાશ નીચે ઘાતક તાપમાન અને જોખમો વચ્ચે જેઓ સખત મહેનત કરે છે તેમને થોડી રાહત મળી શકે.

જેમ કડકડતી ઠંડીમાં રક્ષણ માટે ધાબળા અને રાત્રી આશ્રયસ્થાનો બનાવવા માટે કેટલાક પગલાં લેવામાં આવે છે, તેવી જ રીતે સૂર્યથી રક્ષણ માટે ઘટતી જતી જગ્યાને સમાંતર, ઠેર - ઠેર જોવા મળતા પીવા લાયક પાણી અથવા મફત પાણીની વ્યવસ્થા જે એક સમયે સર્વત્ર દેખાતી હતી તે હવે ભાગ્યે જ ઉપલબ્ધ છે. જોકે, હવામાનની પ્રકૃતિને ધ્યાનમાં રાખીને, ઘણા લોકો ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય ત્યારે જ તેમના ઘરની બહાર નીકળે છે.

પરંતુ કામના સ્થળોએ સંતોષકારક આવાસ અને સલામતીના પગલાંના અભાવને કારણે, ઘણા લોકો ગરમીમાં મૃત્યુ પામી રહ્યા છે. હવામાનની ગતિને રોકવી કદાચ અસંભવ છે, પરંતુ જો સરકાર ગરમીની લહેરથી બચવા અને બીમાર પડેલા લોકોની સારવાર માટે કેટલાક માનવીય પગલાં ભરે તો ઘણા લોકોના જીવ બચાવી શકાય.

## રાજુલાના કોટડી ગામે સાસરીયાએ પરિણીતાને ત્રાસ આપીને મારમાર્યો

### સાસરીયાઓએ ત્રાસ આપી મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

રાજુલા તાલુકાના કોટડી ગામે કાજલબેન કનુભાઈ બારૈયાને તા.૧-૨-૧૯ થી ૩૦-૫-૨૪ દરમ્યાન કનુ ભુપતભાઈ, શાંતુબેન ભુપતભાઈ બારૈયાએ હટાણા પ્રશ્ને ઢીકાપાટુનો મુંઢ મારમારી ગાળો બોલી મેણા મારી શારિરીક અને માનસિક ત્રાસ આપી ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## દત્તક લીધેલ પુત્ર અવળે રસ્તે ન જાય તેથી સમજાવવા જતાં

## અમરેલીમાં પિતા પુત્ર ઉપર હુમલો

### ચાર શખ્સોએ પાઇપ, છરી વડે હુમલો કરી ફેક્ચર કરી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

અમરેલી ચિતલરોડ ગાયત્રી મંદિર પાછળ રહેતાં ભરતભાઈ પ્રાગજીભાઈ મકવાણાએ હંસીલ અક્ષયભાઈ બોચીયાને દત્તક લીધેલ હોય અને તે ટારજન ગીગાભાઈ બારોટ સાથે મળીને અવળે રસ્તે ન જવા ભરતભાઈ સમજાવતા સારૂ નહીં લાગતા ટારજને ભરતભાઈને ગાળો બોલી પાઈપ વડે હાથે કાંડા પાસે મારમારી ફેકચર કરી પ્રાગજીભાઈ બચાવવા વચ્ચે પડતાં હંસીલ અક્ષયભાઈ બોચીયાએ છાના ભાગે પાટુ મારી દેતાં પાડી દીધેલ બાકીના બીજા બે મળતીયાઓએ પિતા પુત્રને શરીરે મુંઢ મારમારી ભાગી જઈ ટારજને પડખામાંથી છરી કાઢી ભરતભાઈને છરીનો ઘા મારવા જતાં હાથે પકડી લીધેલ તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી એકીબજાએ મદદગારી કર્યાની સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સાવરકુંડલાના ચરખડીયા ગામ નજીક ગોળાઇમાં ટ્રક પલ્ટી જતાં ચાલકનું મોત

### પુર ઝડપે અને બેફિકરાઇથી ટ્રક ચલાવતાં માથામાં ગંભીર ઇજા થતાં મૃત્યું પામ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) સાવરકુંડલા તાલુકાના ચરખડીયા ગામ પાસે ગોળાઈમાં મોટા ઝીંઝુડા ગામના ભાવેશભાઈ બંસીદાસ નિમાવત પોતાનું અશોક લેલન કંપનીનો ટ્રક જીજે ૧૪ એક્સ ૯૩૫૬માં શિતલ કંપનીનું દુધ ભરી અમરેલીથી સાવરકુંડલા આવવા માટે નિકળેલ તે દરમિયાન ચરખડીયા ગામ નજીક ગોળાઈમાં પહોંચતા પુર ઝડપે અને બેફિકરાઈથી ટ્રક ચલાવી સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી રોડની સાઈડમાં આવેલ ખાળીયામાં ગાડી ઉતારી દેતાં પલ્ટી ખાઈ જતાં ભાવેશભાઈ શરીરે નાની મોટી ઈજાઓ તથા માથા ભાગે ગંભીર ઈજા કરી મોત નિપજતાં ધર્મેશભાઈ બંસીદાસ નિમાવતે સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અમદાવાદમાં પરિણીતાને ત્રાસ અપાયો

### સાસરીયાઓએ ત્રાસ આપી એક લાખની દહેજની રકમ મેળવી

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) ધારીના ભાડેર ગામની અમદાવાદ પરણાવેલ મધુબેન ઉર્ફે માધવીબેન મયુરભાઈ ઠાકર ઉ.વ.૩૮ને પતિ મયુર પ્રવિણભાઈ, દક્ષેષ પ્રવિણભાઈ, પ્રવિણ પ્રભાશંકરભાઈ, હંસાબેન પ્રવિણભાઈ ઠાકરે અવારનવાર નાની મોટી વાતોમાં રોકટોક કરી શારિરીક તથા માનસિક ત્રાસ આપી દહેજ પેટે એક લાખ રૂપિયા મેળવી ગુનો કર્યાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અમરેલી જિલ્લામાંથી એક વાહનચાલક સહિત ૪ નસેડીઓને પોલીસે ઝડપી લીધા

### નશો કરેલી હાલતમાં ચારને ઝડપી લઇ જેલની હવા ખવડાવી

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી જિલ્લામાં પોલીસે એક વાહનચાલક સહિત ૪ નસેડીઓને ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કર હતી. જેમાં અમરેલી રૂરલ પોલીસ, અમરેલી સિટી, ચલાલા અને લીલીયા પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરી હતી.

## સનાળા ગામે આર્થિક સંકડામણને કારણે ઝેરી દવા પીતા યુવાનનું મોત

### ઝેરી દવા પી જતાં સારવાર દરમિયાન મોત થયાનું જાહેર કરાયું

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

વડીયાના સનાળા ગામે રહેતા રાજુભાઈ લખમણભાઈ સરેણા ઉ.વ.૩૮ આર્થિક સંક્રામણના કારણે પોતે પોતાની મેળે વાડીએ કોઈ ઝેરી દવા પી જતાં સારવાર માટે દવાખાને ખસેડાયેલ જયાં સારવાર દરમિયાન મોત નિપજયાનું બાબુભાઈ લખમણભાઈ સરેણાએ વડીયા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## રાજુલામાં વૃધ્ધાને ટ્રકે હડફેટે લેતા ઇજા

### ટ્રક અથડાવી શરીરે ઇજાઓ કરી બન્ને હાથે ફેક્ચર કરી નાસી ગયાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

રાજુલા સ્વામિનારાયણ મંદિર નજીક અંબાબેન જાદવભાઈ ટાંક નામના વૃધ્ધાને ટ્રક નં જી જે ૧૨ એઝેડ ૬૧૪૪ના ચાલકે પુર ઝડપે અને બેફિકરાઈથી માણસની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી અંબાબેનને હડફેટે લઈ ડાબા પગે ઘુંટણમાં પોંચામાં તથા વાસામાં, મોઢાના ભાગે નાની મોટી ઈજાઓ કરી ડાબા હાથે કોણીમાં અને જમણા હાથે ભાવડાના ભાગે ફેકચર કરી ટ્રક લઈ નાસી ગયાની ચંપકભાઈ જાદવભાઈ ટાંકે રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## બાબરાના કોટડાપીઠા ગામે મેલેરીયા વિરોધી જુન માસની ઉજવણી કરાઇ

### પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર દ્વારા ઉજવણીનું આયોજન

કોટડાપીઠા,

પ્રાથમીક આરોગ્ય કન્દ્ર કોટડાપીઠા દ્વારા મુખ્ય જીલ્લા આરોગ્ય અધીકારી તેમજ જીલ્લા મેલેરીયા અધીકારીની સુચના અને તાલુકા હેલ્થ ઓફીસરના માર્ગદર્શન મુજબ મેલેરીયા વીરોધી જુન માસની ઉજવણી કરવામાં આવી મેલેરીયા રોગ અટકાવવા માટે વાવડા ગામે ગુરુશીબીર, પત્રીકા વિતરણ અને જન જાગૃતી અભીયાનનું પણ આયોજન કરવામાં આવેલું. જુન માસ મેલેરીયા વિરોધી માસ તરીકે ઉજવણીના ભાગરૂપે પ્રાથમીક શાળા વાવડામાં નીરવભાઈ મકવાણા મ.પ.હે.વ. વાવડા દ્વારા મચ્છર ઉત્પતી અને લાઈફ સાયકલ અંગેના પ્રોજેક્ટ દ્વારા વિદ્યાર્થીઓને તે અંગેની સમજણ આપી અને જાગૃત કરેલા તેમજ મચ્છર દ્વારા ફેલાતા રોગોથી બચાવવાના ઉપાયો, ખાડા ખાબોચીયામાં માટી કામથી પુરાણુ કરાવવું, મચ્છરદાનીમાં સુવાની ટેવ પાડવી, પાણી ભરેલા પાત્રો હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવા દર ત્રીજા દિવસે વિછળી અને તપાવીને પછી પાણી ભરવું. જુના ટાયર ભંગાર વગેરેનો નાસ કરવો. સાંજના સમયે બારી બારણા બંધ રાખવા અને લીમડાનો ધુમાડો કરવો, તાવ આવે એટલે તુરતજ લોહી ની તપાસ કરાવી પછી જ દવા લેવી વગેરેની માહીતી સુપરવાઈઝર શ્રી મેહુલભાઈ દ્વારા આપવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી અશ્વિનભાઈ તોગડીયા આચાર્યશ્રી, પ્રાથમીક શાળા વાવડા અને પ્રા.આ.કેન્દ્ર કોટડાપીઠાની ટીમ દ્વારા ખુબજ જહેમત ઉઠાવવામાં આવી હતી. તેમ મેડીકલ ઓફીસર પ્રા.કેન્દ્ર કોટડાપીઠાની યાદીમાં જણાવેલ છે.

## સિંહને ખોરાક પણ મળી રહેતો હોવાથી રાહત

# રાજુલા અને જાફરાબાદમાં અનેક સિંહો માટે સુરક્ષિત અને આર્શિવાદરૂપ બનતો અલ્ટ્રાટેક કંપનીનો માયનીંગ વિભાગ

### અલ્ટ્રાટેક કંપની એવી છે કે સિંહની સુરક્ષા સૌથી વધુ : મોર પ્રત્યે દરેક કર્મચારીઓને ખૂબ જ લાગણી



રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા જાફરાબાદ અને દરિયા કિનારા વિસ્તારમાં અંદાજે ૩૦ જેટલા સિંહો વસવાટ કરી રહ્યા છે જેમાં રેલ્વે તંત્ર પીપાવાવનું ફાટક સિહોના મોતનું સ્મશાન બન્યું છે ગુજરાતમાં સૌથી સિંહના મૃત્યુ થયા હોય તો પીપાવાવ રેલવે પાટા સિંહનું અંતિમ ઘર છે સરકાર ગમે તેટલી વાતો કરે ગમે તેટલા કાયદા કરે ગમે તેટલા ચોકીદાર ફેન્સીંગ કરોડોના બજેટ ફાળવે પરંતુ સતા સિંહ સુરક્ષિત નથી અને સિંહ અવારનવાર રેલવેના ફાટકમાં મોતના ઘાટ ઉતરે જેથી સિહો માટે આ સુરક્ષિત જગ્યા નથી માત્ર કબ્રસ્તાન જ છે પીપાવાવ રેલવે તંત્ર સિંહો માટે સૌથી સુરક્ષિત જગ્યા નથી જ્યારે અલ્ટ્રાટેકની વિભાગ સિંહો માટે સુરક્ષિત છે કે જ્યાં સિંહો પીવાનું પીવાનું પાણી પણ માઈનીંગ રેણાક માટે હરવા ફરવા માટે સિંહોને નીલગાય જેવો ખોરાક પણ તેને મળી રહેશે ઉપરાંત કોઈ લોકોની રંજાડ પણ હોતી નથી અને સૌથી વધારે વૃક્ષો હોવાથી સિંહો માટે અલ્ટ્રાટેકની સુરક્ષિત હોવાથી કોવાયા બાબરકોટ વિસ્તારમાં સિંહોના ટોળા રોજ જોવા મળે છે કારણ કે ત્યાં કંપનીની પણ સિક્યુરિટી હોવાથી કોઈપણ માણસની પજવણી પણ કરી શકતો નથી નાચિીબરની મંજૂરી સિવાય ગેટ પાસ વીના માયનિંગ વિસ્તારમાં કોઈ જઈ શકતું નથી જેથી રાત્રીના કે દિવસે સિંહ આ વિસ્તારમાં જોવા મળે છે અલ્ટ્રાટેક કંપનીની પણ સિંહોની તેમના વિસ્તારમાં કોઈ પજવણી ન કરી શકતું નથી કંપનીના સિક્યુરિટી તેની પણ કાળજી રાખવામાં આવે છે પંદર દિવસ પહેલા કોવાયા ગામમાં પણ સિંહ આંટાફેરા મારતા હતા સાસુડા મહાદેવ એ પણ સિંહ આંટાફેરા મારતા હતા ગાયનું પણ મરણ કર્યું હતું અને માઈનિંગ વિભાગમાં જંગલી પ્રાણીઓ નીલગાય આરામથી ખોરાક મળે છે લીલી હરિયાણી જેવી માઈનીંગ હોવાથી સિંહો વસવાટ કરી રહ્યા છે બે દિવસ પહેલા બાબરકોટ ની ફાઈનિંગ વિસ્તારમાં એક સાથે ૧૦થી ૧૫નો ટોળું સિંહનું આરામથી આટા મારતું જોવા મળ્યું હતું જેથી અહીં સિહો માટે અલ્ટ્રાટેક કંપની આશીર્વાદ બની અને લોકો કોવાયા પંથક માયનીંગ વિભાગમાં અવારનવાર સિંહે નાચિીબર માઈનીંગ વિસ્તારમાં સિંહો વસવાટ કરતા હો તો દરિયા કિનારે ફરવા નીકળી જાય છે રેલવે ફાટકમાં અનેક સિંહો રેલવેના ફાટકમાં મોત ને ભેટી ગયા હોત તેવા અનેક દાખલાઓ છે તો માયનિંગ વિભાગમાં સિંહ વસવાટ કરે છે છતાં કામ કરતા લોકોને એક પણ સિંહ રંજાળ કરતા નથી મોતના ઘાટ ઉતાર્યા નથી જેથી સિંહ પ્રત્યે ખૂબ જ અલ્ટ્રાટેક અને કર્મચારીઓને પ્રેમ અને લાગણી છે અગાઉ પણ અલ્ટ્રાટેક કંપનીમાં ૨૫ જેટલા દેશ-વિદેશના ડોગ માયનિંગ વિભાગમાં પાડવામાં આવ્યા હતા અને સોરી પકડવાની ટ્રેનિંગ પણ અપાતી હતી એવા વફાદાર ડોગ પણ આ કંપનીમાં રહી ચૂક્યા છે ત્યારે હાલ નર્મદા કોલોની માં પણ ૧૦૦ ઉપરાંત મોર લાવો વસવાટ કરે છે અને તેની સુરક્ષા માટે પણ કંપનીના સિક્યુરિટી કામ કરી રહ્યા છે દરરોજ મોરને જુવાર નો ખોરાક આપવામાં આવે છે આ કંપની માનવને રોજગારી ઉપરાંત મોર અને સિંહની સુરક્ષા અને પક્ષીઓને માટે લાગણી હોય તો સૌરાષ્ટ્રમાં માત્ર એક જ એવી કંપની છે કે જે કંપનીમાં સૌથી વધુ વૃક્ષો સિંહ મોર વસવાટ કરી રહ્યા છે જાફરાબાદ કોલોની નું ગૌરવ મોર છે માઈનિંગ વિસ્તારમાં સિંહ નો નિવાસ છે.

## જાફરાબાદના સામાકાંઠે તલાવડી વિસ્તારમાં સાફસફાઇ નો અભાવ : પાલિકા દ્વારા પ્રિ મોન્સુન કામગીરી ક્યારે ?

### ઠેકઠેકાણે ખદબદતી અને દુર્ગંધ મારતું ગટરના પાણી ફરી વળ્યા



રાજુલા, (કનુભાઈ વરૂ)

જાફરાબાદના સામાકાંઠા માં આવેલ તલાવડી વિસ્તારમાં આર. સી.સી રોડની બાજુમાં ખદબદતી ગંદકી અને દુર્ગંધ મારતું ગટરનું પાણી નાગરિકો ના આરોગ્ય સામે ગંભીર ખતરારૂપ દેખાતી અતિશય ગંદકી અહીં બાજુમાં ખડકાયાલા ઉકરડો કે જે દિનપ્રતિદિન ગંદકીથી ખદબદી રહ્યો હોય પરંતુ પાલિકા ના જવાબદાર અધિકારી ના ધ્યાન ઉપર આવતું નથી પાલિકા દ્વારા થતી પ્રિ મોન્સુન કામગીરી માં સામાકાંઠા વિસ્તારોમાં સાફસફાઈ નો અભાવ જોવા મળી રહ્યો છે. સામાકાંઠા ના નાગરિકો પાલિકા ને વિવિધ કરવેરા ભરવા છતાં પણ પાલિકા દ્વારા અહીં કચરો ઉપાડવામાં પણ નથી આવતો જે તલાવડી વિસ્તારમાંથી આજુબાજુની સોસાયટી ના રહીશો આ મેન રોડ ઉપરથી પસાર થતા હોય છે. અહીં થી મોટી સંખ્યામાં નાના ભૂલકાઓ સ્કૂલ જાવા માટે આ રોડ ઉપરથી પસાર થતા હોય છે. પરંતુ બાજુમાં ખડકાયાલા ઉકરડાનો કચરો એની નજીક આવેલી રહેણાંક મકાનોની ગટર માં જતા ગટરના દુર્ગંધ મારતા પાણી રોડે ચડી જતા હોય અને આ ગંદુ પાણી માંથી લોકો અહીંથી જાવા મજબૂર થતાં હોય કારણ કે આ એકજ રોડ ઉપરથી બજારમાં જાવા માટે મોટીસંખ્યામાં મહિલાઓ તથા વિધાર્થીઓ તથા સિનિયર સિટીઝન તથા પુરૂષો અહીંયાથી પસાર થતા હોય છે. આ રોડ બાજુમાં ખડકાયાલા ઉકરડો તથા દુર્ગંધ મારતું પાણી ના લીધે કોઈ મોટો રોગચાળો ફેલાય તો જવાબદાર કોન ? અહીં ડીડીટી નો પણ છાંટવામાં આવતી નથી અહીં આ ખદબદતી ગંદકી ના લીધે મચ્છરોનો ઉપદ્રવ વધી જતાં મેલેરીયા ડેંગ્યૂ જેવી બીમારી ઉપજે નહીં તે માટે પાલિકા આ ખદબદતી ગંદકી તાત્કાલિક ધોરણે હટાવવામાં આવશે કે પછી કોઈ બીમારી ઉપજે તૈયાર ધ્યાન દેવામાં આવશે ? જ્યાં આ ઉકરડો છે.

ત્યાં મોટીસંખ્યામાં લોકોનાં રહેણાંક મકાનો આવેલા છે. અહીં આ ગંદકી ના લીધે રાત્રીના સમયે કદાચ લાઈટ ગઈ હોય તો બહાર લોકો બેઠી પણ ચકતાં નથી કારણ કે અતિશય દુર્ગંધ તથા મચ્છર ના લીધે બહાર બેઠી ચકતાં નથી લોકો અહીં ખડકાયેલા ઉકરડા બાબતે દૈનિક સમાચારપત્રમાં અવારનવાર અહેવાલ પ્રસિદ્ધ થતા હોય છે. ત્યારે પાલિકા દ્વારા થોડોઘણો કચરો ઉપાડવામાં આવે છે. અને ફોટાઓ પડી અધિકારીઓ ને મોકલી દેવામાં આવશે આટલે અધિકારીઓને એવું લાગે કે પાલિકા દ્વારા સાફસફાઈ કરી દેવામાં આવી છે. પરંતુ વાસ્તવિકતા ક્યે અલગજ છે. ફક્ત ને ફક્ત થોડોઘણો કચરો ટ્રેક્ટર માં લઈ જવામાં આવે છે. બાકી નો બધો ગંદવાડો એવોને એવો જ જોવા મળી રહ્યો છે. નક્કર કામગીરી પાલિકા દ્વારા કરવામાં આવતી નથી સ્વચ્છતા અભિયાન માત્રને માત્ર આગળ ઉપર ચાલે છે. જે અહીં જોતા સાબિત થાય છે. આ બાબતે વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે પાલિકા ના જવાબદાર અધિકારી ને આદેશ કરવામાં આવે તેવી સ્થાનિક રહીશો માંથી માંગ ઉઠી.

## રાજુલાના કોટડી ગામે યુવતિ ગુમ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

રાજુલા તાલુકાના કોટડી ગામે રહેતી યુવતિ પોતાના ઘરેથી કોઇને કહ્યા વગર ગુમ થયાંનું યુવતિના પિતાએ રાજુલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૨૩.૬.૨૦૨૪ રવીવાર, સંવંત ૨૦૮૦ જેઠ વદ બીજ, પૂર્વાષાઢા નક્ષત્ર, બ્રહ્મ યોગ, તૈતિલ કરણ આજે રાત્રે ૧૦.૪૭ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ ધન (ધ,ભ,ફ,ઢ) ત્યારબાદ મકર (ખ,જ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : નાની નાની ખુશી પ્રાપ્ત કરી શકો, પરિવાર સાથે આનંદ માણી શકો, મુસાફરી થાય, શુભ દિન.

વૃષભ (બ,વ,ઉ) : તમારા અમલમાં મૂકી શકો .ભાઈ ભાંડુ સુખ સારું રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

મિથુન (ક,છ,ઘ) : કાર્યમાં એક નવી શરૂઆત થતી લાગે, તમારા સૌમ્ય વાણી વર્તનથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, શુભ દિન.

કર્ક (ડ,હ) : ઘણા વણઉકેલ પ્રશ્નોના જવાબ આજે મેળવી શકશો, આજના દિવસે તમામ મોરચે તમે સારી રીતે આગળ વધી

સિંહ (મ,ટ) : કોઈ બાબતને અહમનો પ્રશ્ન ના બનાવવો, વાદ વિવાદ થી દૂર રહેવું, મતભેદ નિવારવા સલાહ છે, મધ્યમ દિવસ.

કન્યા (પ ,ઠ ,ણ) : અંગત લોકો અને સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.દિવસ સારો રહે.

તુલા (ર,ત) સ્ત્રીવર્ગ પોતાની પતિભા બતાવી શકે, વેપારીવર્ગ ને મધ્યમ રહે ,નોકરિયાત પ્રગતિ થાય.

વૃશ્ચિક (ન ,ય) : યોગ્ય સમય પર યોગ્ય નિર્ણય કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.

ધન (ધ,ભ,ફ,ઢ ) : જે બાબત વિચારી હોય તે બનતી જોવા મળે, દૂર દેશ થી સારા સમાચાર મળે, જુના મિત્રોને મળવાનું થાય.

મકર (ખ,જ) : સામાજિક રીતે આગળ વધી શકો, જાહેરજીવનમાં રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, શુભ દિન.

કુંભ (ગ ,સ,શ) : ખાવા પીવામાં પરેજી રાખવી જરૂરી બને છે , તબિયતની કાળજી લેવી, વધુ પડતી દોડધામ નિવારવા સલાહ છે.

મીન (દ,ચ,ઝ,થ): વિદ્યાર્થીવર્ગને એકાગ્રતા રહે, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, શુભ દિન.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૮૦૦ થી ૧૫૦૪ મગફળી ૯૦૦ થી ૧૨૬૯

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૧૯૧-૧૧૯૧
શિંગમોટી-૯૦૦-૧૨૬૯
મગ-૧૫૯૫-૧૬૩૧
તલસફેદ-૧૫૭૫-૨૬૯૦
તલકાળા-૨૪૯૦-૩૩૧૬
એરંડા-૯૮૧-૧૦૮૭
ઘઉંટુકડા-૪૮૭-૬૨૧
ઘઉંલોકવન-૪૭૧-૫૬૩
મગ-૧૫૯૫-૧૬૩૧
ચણા-૧૦૧૦-૧૩૩૧
કપાસ-૮૦૦-૧૫૦૪
જુવાર-૪૦૨-૮૪૨
જીરૂ-૩૭૦૦-૫૪૯૦
ધાણા-૧૦૦૦-૧૫૧૫
સોયાબીન-૭૯૬-૮૬૫
મેથી-૧૦૦૦-૧૦૬૯
રાય-૮૯૦-૧૨૫૫

**અમરેલી શાકભાજી**
બટેટા-૩૫૦-૫૫૦
રીંગણા-૨૦૦-૪૦૦
ફલાવર-૫૦૦-૬૦૦
કોબીઝ-૩૦૦-૪૦૦
ટમેટાં-૮૦૦-૧૫૦૦
ફોદીનો-૬૦૦-૭૦૦
ગાજર-૪૦૦-૫૦૦
ગલકા-૨૦૦-૩૦૦
કાકડી-૩૦૦-૪૫૦
ગુવાર-૧૫૦૦-૧૫૦૦
દુધી-૨૫૦-૩૫૦
તુરીયા-૭૦૦-૧૦૦૦
ભીડો-૬૦૦-૯૦૦
આદુ-૨૪૦૦-૨૬૦૦
કોથમીર-૧૦૦૦-૧૨૦૦
મેથીભાજી-૭૦૦-૮૦૦
ટીંડોરા-૭૦૦-૮૦૦
લીમડોમીઠો-૧૪૦-૧૬૦
મરચાલીલા-૧૦૦૦-૧૨૦૦
લસણસુકું-૨૦૨૦-૫૨૦૦
લીંબુ-૬૦૦-૧૦૦૦
પાલક-૬૦૦-૭૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૨૫-૫૧૬
જુવાર-૪૧૭-૯૦૦
ઘઉં-૫૦૦-૫૯૩
તુવેર-૧૯૫૦-૧૯૫૦
ચણા-૧૨૮૦-૧૩૦૦
તલસફેદ-૨૩૦૦-૨૫૭૧
સુવા-૧૩૨૫-૧૩૨૫
કળથી-૧૦૫૦-૧૦૫૦
કપાસ-૧૧૦૦-૧૨૭૦
મકાઈ-૪૭૦-૪૭૦
શીંગદાણા-૧૫૫૦-૨૦૨૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૨૩૨-૬૨૫
ડુંગળીલાલ-૧૦૫-૬૦૬
ડુંગળીસફદે-૧૫૩-૩૨૦
તલસફેદ-૨૧૦૦-૨૬૦૨
તુવેર-૧૫૮૫-૨૧૩૦
અડદ-૧૯૦૦-૨૦૦૪
ચણા-૧૨૪૮-૧૨૭૫
નાળીયેર-૫૦૧-૨૦૦૦
મગ-૧૩૮૦-૧૬૧૬
કપાસ-૧૦૬૬-૧૪૦૦
મેથી-૪૨૦-૧૦૬૨

**બાબરા**
કપાસ-૧૨૩૫-૧૪૯૫
મગ-
ચણા-૧૨૩૬-૧૩૦૪
ઘઉં-૪૮૦-૪૯૦
એરંડા-
જીરૂ-૪૬૯૦-૫૫૦૦
મગફળી-૧૦૭૫-૧૧૪૫
તલસફેદ-૨૩૬૯-૨૪૫૧
બાજરો-

**ધારી**
કપાસ-
મગ-૧૫૬૦-૧૫૬૦
તલ-૨૨૮૯-૨૪૭૬
તુવેર-૧૭૧૦-૧૭૧૦
મેથી-૧૦૬૦-૧૦૬૦
ચણા-૧૧૧૧-૧૩૦૧
ઘઉં-૪૮૯-૫૨૦
શીંગફાડા-૧૪૫૦-૧૫૫૫
ધાણા-૧૧૨૫-૧૧૨૫
સોયાબીન-૮૫૦-૮૫૦

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૦૫૧-૧૨૦૦
તલસફેદ-૨૩૫૦-૨૬૯૦
જીરૂ-૪૮૦૦-૫૬૭૬
તુવેર-૨૦૯૦-૨૨૦૦
કપાસ-૧૪૦૨-૧૫૦૬
ઘઉં-૪૭૦-૫૮૨
મગ-૧૫૫૦-૧૯૮૦
સોયાબીન-૮૧૬
ચણા-૧૨૦૦-૧૩૦૦
બાજરો-૩૮૦-૪૭૪
જુવાર-૪૦૦-૮૮૦
મકાઈ-૪૧૧-૫૦૦
અડદ-૧૬૫૦-૧૮૮૪

**ખાંભા**
કપાસ-
તલસફેદ-
જુવારસફેદ-
મગ-
સોયાબીન-
તુવેર-
જુવારપીળી-
ચણા-

**બગસરા**
કપાસ-૧૦૦૦-૧૪૦૦
મગ-૧૪૮૦-૧૪૮૦
ધાણા-૯૦૦-૧૨૨૧
એરંડી-૧૦૭૦-૧૦૭૦
જીરૂ-૪૦૦૦-૪૦૦૦
રાય-૧૧૫૧-૧૧૫૧
મગફળી-૧૦૦૦-૧૦૬૦
ચણાસફેદ-૧૧૦૫-૧૨૨૫
શીંગફાડા-૧૪૧૫-૧૪૪૦
સોયાબીન-૮૪૧-૮૫૨
તલસફેદ-૧૮૦૦-૨૪૪૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૭૦૦-૧૨૦૦
દાડમ-૧૨૦૦-૧૬૦૦
મુસંબી-૧૨૦૦-૧૪૦૦
સંતરા-૨૦૦૦-૨૬૦૦
કીવી-૩૬૦૦-૫૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૮૦૦-૪૦૦૦
કેરી-૧૮૦૦-૨૪૦૦
ખારેક-૫૦૦-૧૨૦૦
કેળા-૩૦૦-૪૫૦
પોપૈયા-૫૦૦-૭૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૮૦૦-૩૮૦૦
અનાનસ-૧૨૦૦-૧૬૦૦

### અમરેલી આજનુ તાપમાન

મહ ામ તાપમાન ૩૯
ન્યુનતમ તાપમાન ૨૭.૬
ભેજનું પ્રમાણ ૮૨
પવનની ગતિ સરેરાશ-૮.૬

ધારીનાં પુર્વ સરપંચ શ્રી જીતુભાઇ જોષીનાં દાદા નિવૃત આરએફઓ શ્રી રામજીભાઇ જોષીએ ૧૦૦ વર્ષ પુરા કરતા યજ્ઞોપવિતની પુર્વ સંધ્યાએ કેક કાપી જન્મદિવસ ઉજવાયો

# ધારીના જોષી પરીવારમાં આજે ચિ. પરમને યજ્ઞોપવિત સંસ્કાર

**ચિ. પરમને યજ્ઞોપવિત અને સાથે શ્રી જીતુભાઇનાં દાદાજી અને નિવૃત આરએફઓ શ્રી રામજીભાઇ જોષીને પણ સત્તાયુ વર્ષગાંઠે શુભકામનાઓ પાઠવવામાં આવી**

**શ્રી જીતુભાઇ જોષીનાં બહોળા મિત્ર વર્તુળ, શુભેચ્છકો, સ્નેહીઓનું યજ્ઞોપવિત પ્રસંગે ધારી આગમન : જોષી પરિવારમાં ઉત્સવનો માહોલ**





અમરેલી,ધારીના અસૌ.જાગૃતીબેન તથા મનીષભાઈ કેશુભાઈ જોષીના સુપુત્ર ચી.પરમને ઉપનયન સંસ્કાર વૈદિક મંત્રોથી યજ્ઞોપવિત સંસ્કાર આજે તા.૨૩ ના શુભદિને અપાસે.યજ્ઞોપવિત સંસ્કાર ની પુર્વ સંધ્યાએ શ્રી ધારીનાં પુર્વ સરપંચ શ્રી જીતુભાઇ જોષીનાં દાદાજી અને નિવૃત આરએફઓ શ્રી રામજીભાઇ પરમાણંદભાઇ જોષીને આજે ૧૦૦ વર્ષ પુરા થતા હોય શ્રી જોષી પરિવારે તેમના જન્મદિવસની કેક કાપી ઉજવણી કરી હતી. આ પ્રસંગે અવધ ટાઈમ્સનાં તંત્રી શ્રી ભરતભાઈ ચૌહાણ તથા શ્રી જીતુભાઈનાં મિત્ર વર્તુળ વિધાનસભાના નાયબ દંડક શ્રી કૌશીકભાઈ વેકરીયા, સાંસદશ્રી ભરતભાઈ સુતરીયા, પુર્વ ધારાસભ્ય મનસુખભાઈ ભુવા, જિલ્લા પંચાયતનાં પુર્વ ઉપપ્રમુખશ્રી ભુપતભાઇ વાળા, બ્રિજ કન્ટ્રકશનનાં શ્રી કાળુભાઇ લીંબાસીયા, જીજ્ઞેશભાઇ ગોસ્વામી શિક્ષક, મનીષભાઇ જોષી, મેહુલભાઇ જોષી, ધારીનાં પત્રકાર ઉદય ચોલેરા બજરંગદળનાં શ્રી મુન્નાભાઇ પટ્ટણી, શ્રી મુન્નાભાઇ જોષી, શ્રી ભુવા, શ્રી ઘનશ્યામભાઇ હિરપરા સહિતના આગેવાનોએ ઉપસ્થિત રહી આર્શીવચન પાથવ્યા હતા. આ કાર્યક્રમ માટે હાર્દિકભાઇ બટુકભાઈ જોષી,યશકુમાર જીતુભાઈ જોષી, ધર્મીશકુમાર મનિષભાઈ જોષી તથા રામજીભાઈ જોષી કેશુભાઈ જોષી,બટુકભાઈ જોષી, જીતુભાઈ જોષી, મેહુલભાઈ જોષી, રવિકુમાર જોષી, સહિત પરીવારજનોમાં ભારે ઉત્સાહ વ્યાપી ગયો છે ઉપનયન સંસ્કાર પ્રસંગે તા.૨૨ ના રોજ મંડપ મુહુર્ત, દાંડીયા રાસ અને તા.૨૩ ના રોજ ગ્રહશાંતી યજ્ઞ, સવારે ૯:૩૦ કલાકે કાશી યાત્રા અને બપોરે ૧૧:૩૦ કલાકે ભોજન સમારોહ યોજાનાર છે.શ્રી રામજીભાઈ પરમાનંદભાઈ જોષીના નિવાસ સ્થાને યોજાનાર પ્રસંગની તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

## ઉનામાં સ્માર્ટ મિટર રદ કરવા લોક માંગણી



ઉના,
ઉના પ્રાંત અધિકારીને ને આવેદન પત્ર આપી રજુવાત કરી કે ગુજરાતમાં સરકાર દ્વારા ૧.૬૪ કરોડ સ્માર્ટ પ્રિ-પેઈડ મીટર લગાવવા પ્રોજેક્ટ શરુ કરવામાં આવ્યો છે. તેમાં પી.જી.વી.સી. એલ .દ્વારા ગીર સોમનાથ જીલ્લામાં શહેર તથા ગામડાઓમાં સ્માર્ટ મીટર ફીટીંગ કરવા બાબતે સર્વે કરવામાં આવી રહ્યો છે. જ્યાં જ્યાં સ્માર્ટ મીટર ફીટીંગ કરવામાં આવ્યા છે ત્યાં ત્યાં જુદા જુદા પ્રશ્નો જોવા મળ્યા છે જેમ કે ડીજીટલ મીટર કરતા લાઈટ બીલ વધારે આવવું, પ્રિ રીચાર્જ પૂરું થઈ જતા લાઈટ કપાઈ જવી, ફરજીયાત ૩૦૦ રૂપિયાનું બેલેન્સ એડવાન્સ તરીકે ભરવા વગેરે જેવા પ્રશ્નો જોવા મળી રહ્યા છે. ઉપરાંત દરેક વીજ ગ્રાહકો પૈકી સ્માર્ટ મીટરમાં રીચાર્જ પૂરું થઈ જતા અમુક વર્ગ રીચાર્જ કરી શકતા નથી કારણ કે તમામ ગ્રાહકો પાસે સ્માર્ટ ફોન હોતા નથી તેમજ UPI/ નેટ બેન્કિંગ જેવી સુવિધા સાથે જોડાયેલા હોતા નથી. આમ કોઈ પણ પ્રકારે આયોજન વગર સ્માર્ટ મીટર લગાવવાથી વીજ ગ્રાહકોને મોટો માર પડે તેમ છે. માટે સરકાર દ્વારા આ બાબતે પુનઃ વિચાર કરી સ્માર્ટ મીટર લગાવવાના નિર્ણયને રદ કરવા આપને વિનંતી કરીએ છે.

## રાજકોટ મોદી સ્કુલમાં યોગ દિન ઉજવાયો



રાજકોટ,આદિયોગી શિવ દ્વારા સપ્તર્ષિઓને અપાયેલું યોગનું દાન આજે વિશ્વના ખૂણે-ખૂણે પહોંચેલ છે. ભારતની સંસ્કૃતિની ઉત્તમ દેન એવી યોગ વિદ્યાને વૈશ્વિક વિરાસતમાં સામેલ કરવામાં આવી છે. યોગ માત્ર સ્વાસ્થય જ નહી, માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થયને પણ સંપુષ્ટ કરે છે. યોગ એ આપણી પ્રાચીન પરંપરાની અમૂલ્ય ભેટ છે. યોગ એ મન અને શરીર, વિચાર અને ક્રિયાની એકતાનું પ્રતિક છે. યોગ એ માત્ર કસરત જ નથી પરંતુ પોતાની જાત સાથે વિશ્વ અને પ્રકૃતિ સાથે એકતાની ભાવના શોધવાનો એક માર્ગ શિક્ષણની સાથો-સાથ સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં અગ્રેસર રહેતી એવી મોદી સ્કૂલ. વિશ્વયોગ દિવસની મોદી સ્કૂલની તમામ બ્રાંચમાં કરવામાં આવેલ, જેમાં ટ્રસ્ટીશ્રીઓ, ઉપસ્થિત મહાનુભાવો, પ્રિન્સીપાલશ્રીઓ, સેકશન હેડશ્રીઓ શિક્ષકગણ તેમજ બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ વિશ્વયોગ દીવસની ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લીધેલ.શાળાના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી ડો. આર.પી. મોદી સર તથા મેનેજિંગ ડિરેકટરશ્રી ધવલભાઈ મોદી એ જણાવેલ શારિરીક, માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થયને સમાવિષ્ટ સુખાકારી માટે યોગ જરૂરી છે તેમ જણાવેલ.

# બગસરા મેઘાણી હાઇસ્કુલમાં ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

**સ્માર્ટ, કલાસ, કોમ્પ્યુટર સેન્ટરનો પ્રારંભ : સાંસદશ્રી અને નિવૃત કર્મીઓનું અભિવાદન**



બગસરા,(રૂપેશ રૂપારેલિયા)
બગસરા રા.શા.શ્રી ઝવેરચંદ મેઘાણી હાઈસ્કુલ ખાતે આજરોજ ત્રિવિધ સન્માન કાર્યક્રમ યોજાયો હતો જેમાં બગસરા હાઈસ્કુલને સ્માર્ટ ક્લાસ તેમજ કોમ્પ્યુટર સેન્ટર વિધિપૂર્વક તેમજ એક શિક્ષક અને ક્લાર્કને નિવૃતિ સન્માન કાર્યક્રમ અમરેલીના સાંસદ તરીકે હાલમાંજ ચૂંટાયેલા સંસદ સભ્ય ભરતભાઈ સુતરીયાનો અભિવાદન કાર્યક્રમ યોજાયો હતો જેમાં ગુજરાત રાજ્ય સરકારશ્રીના ઉપદંડક કૌશિકભાઈ વેકરીયા અમરેલી જિલ્લા સાંસદ ભરતભાઈ સુતરીયા સહિત બગસરા પાલિકા પ્રમુખ જ્યોત્સનાબેન રીબડીયા ચીફ ઓફિસર ભાવનાબેન ગૌસ્વામી બગસરા પાલિકા સદસ્યશ્રીઓ બગસરા નાગરિક મંડળી ચેરમેન રશ્વિનભાઈ ડોડીયા સૌરાષ્ટ્ર મંડળીના ચેરમેન અનિલભાઈ વેકરીયા બગસરા પાલિકાના પૂર્વ પ્રમુખ એ.વી.રિબડીયા, મનીષભાઈ કામળીયા સહિત બગસરા તાલુકાના સરપંચશ્રિઓ તેમજ બગસરા શહેર ભાજપ પ્રમુખ ધીરુભાઈ કોટડીયા મહામંત્રી ભાવેશભાઈ મસરાણી અશોકભાઈ પંડિયા બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર મહામંત્રી ખોડભાઈ સાવલિયા પ્રકાશભાઈ પરમાર અમરેલી જિલ્લા મહિલા મોરચા પ્રમુખ રંજનબેન ગોહિલ અમરેલી જિલ્લા પંચાયત સદસ્ય પ્રતિનિધિ ધીરુભાઈ માયાની સહિતના રાજકીય આગેવાનો આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન મેઘાણી હાઈસ્કુલના પ્રિન્સીપાલ જેઠવા સાહેબ કરેલ તેમજ પ્રાસંગિક પ્રવચન બગસરા પાલિકા પ્રમુખ જ્યોત્સનાબેન રિબડિયા, ભરતભાઈ સુતરીયાએ તેમના સન્માન કરવા બદલ બગસરાના રાજકીય સેવાકીય સહકારી ક્ષેત્ર સહિત બગસરા અવધ ટાઈમ્સ બ્યુરો ચીફ રૂપેશ રૂપારેલિયાનો આભાર વ્યક્ત કર્યો હતો તેમજ ચૂંટણી દરમ્યાન કાર્યકરો દ્વારા પક્ષ વિરોધી કામ કરનારને આડે હાથ લઈ મોટુ મન આખી ક્ષમા આપી હતી અને બગસરા વિકાસના કામોમાં લાગી જવા આહવહન કર્યું હતું જ્યારે ગુજરાત રાજ્ય સરકાર શ્રીના ઉપદંડક કૌશિકભાઈ વેકરીયાએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું ખાલી કોમ્પ્યુટર સેન્ટરની માંગણી સામે સ્માર્ટ ક્લાસ પણ સરકાર શ્રી આપી માંગ્યા કરતા સવાયું આપે તે આ ભાજપ સરકારછે અને વધુ હાઈસ્કૂલને જરૂરિયાત હોય તે જણાવે તે માટે હું અને સાંસદ શ્રી કટિબંધ છીએ તેમ જણાવ્યું હતું આ કાર્યક્રમની આભારવિધિ હાઈસ્કુલના પૂર્વ ઈન્ચાર્જ આચાર્ય અશ્વિનભાઈ સોલંકીએ કરેલ તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન હાઈસ્કુલના શિક્ષક અને શાયર સ્નેહી પરમાર કરેલ હતું

### પહેલા પાનાનું ભભુક્તો રોષ

ભારેલા અગ્નિ જેવી સ્થિતી હોવાનું જાણવા મળેલ છે અને આ મામલે અહીં ગમે ત્યારે ભડકો થશે તેવી પણ દહેશત સેવાઈ રહી છે.

લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી હાલમાં સ્પષ્ટ બહુમતીને કારણે મુશ્કેલીમાં છે અને તેમની હોમપીચ ગુજરાત મક્કમતાથી તેમની સાથે છે ત્યારે શ્રી મોદીની સરકાર પ્રત્યે લોકોને નફરત થાય તે પ્રકારના બિન જરૂરી પગલાઓ જાણી જોઈને લેવાય છે કે ક્યા કારણે લેવાય છે તેવી લોકચર્ચા ધારી પંથકમાં થઈ રહી છે.

## સાવરકુંડલા નજીક ગાધકડામાં વિદ્યાર્થીઓને પુસ્તક વિતરણ

**પ્લોટ શાળા અને માધ્ય. શાળા અને પ્રાથમિક શાળા તથા કલ્યાણપુર શાળામાં પુસ્તક વિતરણ કરાયાં**




સાવરકુંડલા,સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામની ત્રણ શાળા જેમાં શ્રી ગાધકડા પ્લોટ પ્રાથમિક શાળા,શ્રી માધ્યમિક શાળા ગાધકડા, અને પ્રાથમિક શાળા ગાધકડા તેમજ કલ્યાણપુર ની એક શાળા ગણેશગઢની એક શાળા એમ કુલ પાંચ શાળામાં ૫ થી ૧૦ ધોરણના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પુસ્તક વિતરણ આશાપુરા મંદિર ટ્રસ્ટ દ્વારા દર વર્ષની માફક આ વર્ષે એટલે કે ૨૦૨૪ માં પણ કરવામાં આવ્યું.જેમાં પાંચમા ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓને પાંચ પુસ્તક છઠ્ઠા ધોરણમાં ભણતા વિદ્યાર્થીને ૬ પુસ્તક તેમજ ૧૦ ધોરણ સુધીના વિદ્યાર્થીઓને વિનામૂલ્ય પુસ્તક વિતરણ કરવામાં આવે છે. અને આશાપુરા મંદિર ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને દર વર્ષની માફક ઉપયોગી થવામાં આવે છે. અને વિદ્યાર્થીને સુંદર અને સારા ભવિષ્યની મા આશાપુરા અને મા સરસ્વતીને પ્રાર્થના પણ કરવામાં આવે છે. ગામ પરિવાર અને રાષ્ટ્રનું નામ રોશન વિદ્યાર્થીઓ કરે તેવી શુભેચ્છાઓ આપવામાં આવે છે.

**ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રીએ ગાંધીનગર તાલુકાનાં લીંબડીયા અને દેહગામ તાલુકાનાં વાસણા રાઠોડ ગામની મુલાકાત લીધી**

## બાબરા તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઇ રાખોલીયાના પિતાશ્રીનું નિધન : ઘેરો શોક

**બાબરા પંથકમાં વ્યાપેલો ઘેરો શોક : આજે સ્મશાનયાત્રા**



બાબરા, (દિપક કનૈયા)

બાબરા તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા તથા પીઆઈ પ્રવિણભાઈ રાખોલીયા ના પિતાશ્રી નારાયણભાઈ ગાંડાભાઈ રાખોલીયા નું મોડી સાંજે દુઃખદ અવસાન થયું હતું તેમની શ્મશાન યાત્રા તા ૨૩,૬,૨૦૨૪ આજના દિવસે રવિવાર સવારે, હર ભોલે સોસાયટી ચિત્તલ રોડ બાબરા એમના નિવાસસ્થાનેથી નીકળશે.

## અમરેલી જિલ્લા ભાજપ અનુજાતિ મોરચા દ્વારા યોગ દિવસ ઉજવાયો



અમરેલી,ગુજરાતપ્રદેશભાજપઅનુસૂચિતજાતિ મોરચાનીસુચનાઅન્વયેઅમરેલીજિલ્લાભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા ડો બાબાસાહેબ આંબેડકર ભવન કલેકટર કચેરી અમરેલી ખાતે યોગદિવસનિમિત્તેયોગનોકાર્યક્રમયોજાયોહતો જેમાં જીલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચા ના મહામંત્રી શ્રી સંદિપભાઈ સોલંકી, જીજ્ઞેશ દાફડા , કાળુભાઇ પરમાર, જીતુભાઈ બથવાર, પરેશભાઈ દાફડા, હરીભાઈ ડાભી, હિરાભાઈ મકવાણા, શરદભાઈ મકવાણા, મહેન્દ્ર ભાઈ ચાવડા , પ્રવિણભાઈ મકવાણા, સહિત તમામ આગેવાનોસાથેમળીનેજુદાજુદાયોગકરીનેયોગ વિશે માહિતી મેળવી ને શરીર ને સ્વસ્થ રાખવા યોગજરૂરીછેએટલેદરરોજનિયમિતયોગકરીશું તેવા સંકલ્પ સાથે યોગ દિવસ ની ઉજવણી કરી હતી.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

### કચ્છ-ભુજમાં લોક પ્રશ્નોના ઉકેલ માટે સંવાદ મહત્ત્વનું માધ્યમ : ત્રિકમભાઈ છાંગા



અંજાર, સમસ્યાઓ ક્યારેય સંદતર નિર્માણ થઈ ન શકે પરંતુ સમસ્યાઓના કારણને સમજી ચોક્કસ દિશામાં તેના ઉકેલ માટે પ્રયાસો થાય તો લોકપ્રશ્નો ચોક્કસ હલ થઈ શકે છે. સાપ્રત સમયની સમસ્યાઓને જાણવા, વિકાસની ખૂટતી કડીઓને ઓળખવા સંવાદ જ ઉપયુક્ત માધ્યમ બની શકેછે. તેવું અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું. આજે અંજાર નગરપાલિકા કચેરી ખાતે ધારાસભ્ય શ્રી દ્વારા સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નગરપાલિકાના સત્તાધિશો, અધિકારીઓ, શહેરના બૌદ્ધિક નાગરિકો, વિવિધ સમાજોના આગેવાનો અને શહેરીજનો સાથે શ્રી છાંગા સાહેબે પરામર્શ કરી શહેરની પ્રવર્તમાન સ્થિતિનો ચિતાર મેળવ્યો હતો અને લોકોને કનડતા પ્રશ્નો સાંભળ્યા હતા. ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સબ કા સાથ, સબ કા વિકાસની રહી છે. ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, અધિકારીઓ સાથેના સંવાદમાં શહેરની પ્રવર્તમાન સ્થિતિ-પરિસ્થિતિને અભ્યાસ કર્યો છે, શહેરની હાલની વ્યવસ્થા કઈ રીતે ચાલી રહી છે અને વ્યવસ્થામાં શું ખુટે છે તેની વિગતો શહેર સુધરાઈના સત્તાધિશો અને અધિકારીઓ પાસેથી મેળવી વ્યવસ્થાના વિકાસ અને સુધાર માટે કયા લેવલે શું પગલાં લેવાના થાય છે તે અંગે મનોમંથન કર્યું છે. શહેરના બૌદ્ધિક નાગરિકો, વિવિધ સમાજના આગેવાનો સાથેના જનસંવાદમાં શહેરીજનોની સુખાકારી અને શહેરના વિકાસમાં ખૂટતી કડીઓની વિગતો લોકો પાસેથી જાણી છે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

**સ્વયં અને સમાજ માટે યોગના સંદેશ સાથે**

### જૂનાગઢમાં જિલ્લાકક્ષાના વિશ્વ યોગ દિવસની શાનદાર ઉજવણી

**કલેકટરશ્રી રાણાવસિયા, જિલ્લા વિકાસ અધિકારી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઉજવણી**



જૂનાગઢ, 'સ્વયં અને સમાજ માટે યોગ' ના સંદેશ સાથે આજે તા. ૨૧ જૂનના રોજ જૂનાગઢનાં બહાઉદ્દિન કોલેજ પરિસરમાં જિલ્લા કક્ષાના ૧૦માં 'વિશ્વ યોગ દિવસ'ની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ જૂનાગઢનાં ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયા, કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી નીતીન સાંગવાન, પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ.નાં વિદ્યાભવનનાં વડા, જિલ્લા શિક્ષણાધિકારી લતાબેન સહિતના મહાનુભાવો યોગ દિવસની ઉજવણીમાં જોડાયા હતા.આ પ્રસંગે વિશ્વ યોગ દિવસની શુભેચ્છા પાઠવતા સંજયભાઈ કોરડીયાએ જણાવ્યું કે, સરકારશ્રીના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ તથા જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણીનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે તે બદલ અભિનંદન પાઠવું છું. યોગ દિવસની ઉજવણી પ્રસંગે જૂનાગઢ જિલ્લાની તમામ કચેરીઓ, પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો, સબ સેન્ટરો, પોલીસ સ્ટેશનો અને જિલ્લા જેલ સહિત જૂનાગઢનાં પ્રસિધ્ધ યાત્રા સ્થળો ઉપરકોટ સહિત વિવિધ જગ્યાએ પણ યોગના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ગીરસોમનાથ પંથકનાં વિવિધ વર્તમાન

ગીર સોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### વેરાવળ ડેપો ખાતે ફાયર સેફ્ટીની તાલીમ અપાઈ



ગીર-સોમનાથ,
વેરાવળ ડેપો ખાતે ગીર સોમનાથ જિલ્લાનાં ફાયર અને ઈમરજન્સી સર્વિસિસ વેરાવળ દ્વારા ફાયર સેફટીની તાલીમ અપાઈ હતી.જેમાં ઈમરજન્સી રેસ્ક્યૂ વાહન અને રેસ્કયું સાધન સામગ્રીથી આપાતકાલીન સમયમાં ડેપોના ડ્રાઈવર કંડકટર અને મિકેનિક સ્ટાફે કઈ રીતે પોતાનો અને અન્યનો બચાવ કરવો તેમજ સેફ્ટી વિશે તાલીમ આપવામાં આવી હતી. અને પ્રેકટીકલી સાધનોને ઓપરેટ કરીને ફાયર સેફ્ટી વિશે જાણકારી આપી હતી.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - 30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦




આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
- 30% મોર પાવર
- ૧૬% વધુ માઇલેજ
- સ્ટાર્ટ : સ્ટોપ સીસ્ટમ
- સ્માર્ટ મોટર જનરેટર
- માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જિજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



सत्यमेवजयते
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૨૩-૦૬-૨૦૨૪ રવિવાર




શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


## અમરેલીમાં જ્યારે ધારાસભ્ય હતાં ત્યારથી શ્રી રૂપાલાએ શરૂ કરેલી ટીફીન મીટીંગ હવે સૌરાષ્ટ્રભરમાં પહોંચી

# પડધરી-ટંકારા વિધાનસભા બેઠકમાં શ્રી રૂપાલાની ટીફીંન મિટીંગ

**હવે રાજકોટ સંસદીય વિસ્તારમાં વિધાનસભા બેઠક પ્રમાણે દર મહિનાં ત્રીજા રવિવારે ટીફીન બેઠક યોજવા માટે સાંસદશ્રી પરશોત્તમ રૂપાલાની જાહેરાત**

**શ્રી અશ્વિન સાવલીયાની ટીમ, સાંસદશ્રી કેસરીદેવસિંહજી, શ્રી મોહનભાઇ કુંડારીયા, શ્રી રામભાઇ મોકરીયા, શ્રી કાંતિભાઇ અમૃતીયા સહિતની ઉપસ્થિતિ**











અમરેલી,
અમરેલીમાં જયારે ધારાસભ્ય હતાં ત્યારે શ્રી પરશોત્તમ રૂપાલાએ લોકોની સાથે રહેવાય અને લોકોનાંપ્રશ્નોછેતેસારીરીતેસમજીતેનો ઉકેલ લાવે તેવા હેતુથી ટિફીન મિટીંગનો પ્રારંભ કર્યોહતોજેનેવડાપ્રધાનશ્રીનરેન્દ્ર મોદીએ પણ બિરદાવી હતી. રાજકોટમાં સાંસદ બન્યા બાદ પહેલી વખત જ લોકપ્રિય સાંસદ શ્રી પરસોતમભાઈ રૂપાલાની ઉપસ્થિતિમાં પડધરી-ટંકારા વિધાનસભા વિસ્તારમાં ટિફિન બેઠક યોજાઈ હતી. આ ટિફિન બેઠકમાં અમરેલીથી અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વિ સાવલિયા તથા મદદ કાર્યાલયના શ્રી હિરેન વાળા, જયંતિભાઈ કવાડીયા, કાંતિલાલ અમૃતીયા, કેસરીદેવસિંહ, મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, પડધરી, ટંકારાનાં ભાજપનાં સંગઠનનાં હોદ્દેદારો તથા અમરેલીથી પ્રવિણભાઈ માંગરોળીયા, પ્રવિણભાઈ હિરપરા, અજીતભાઈ ભીમજીયાણી, ચિરાગભાઈ દેસાણી સહિતના જુના કાર્યકરો સહભાગી બન્યા હતાં.

## વધુ વૃક્ષો વાવી હરીયાળુ પ્રકૃતીમય વાતાવરણ સર્જી દેવા

# મોરબીના નાની વાવડીમાં શ્રી રૂપાલાએ વૃક્ષારોપણ કર્યું

**મોરબીનાં નાની વાવડી ગામે વૃક્ષા રોપણ કાર્યક્રમનું આયોજન થતા રાજકોટના સાંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાના વરદ હસ્તે વૃક્ષા રોપણ**

**વૃક્ષા રોપણ કાર્યક્રમમાં સ્થાનીક પદાધીકારીઓ તેમજ વિવિધ ક્ષેત્રના આગેવાનો અને જીલ્લાના આગેવાનોની ખાસ ઉપસ્થિતીમાં કાર્યક્રમ યોજાયો**





અમરેલી,
પ્રકૃતીમય વાતાવરણ સર્જી દેવા અને ગામને હરીયાળુ બનાવવાનાહેતુ અર્થે મોરબીમાંનાનીવાવડીગામેસ્થાનીકતથા જીલ્લાના આગેવાનોની ઉપસ્થિતીમાં વૃક્ષા રોપણ કાર્યક્રમ યોજાયો હતો. મોરબીના નાનીવાવડીગામેસ્થાનીકઆગેવાનોઅને ગ્રામ પંચાયત સહિતના સહયોગથી વૃક્ષા રોપણ કાર્યક્રમનું આયોજન થતા રાજકોટના જાગૃત સાંસદ સભ્ય શ્રી પરશોત્તમભાઈ રૂપાલાના વરદ હસ્તેવૃક્ષા રોપણકરવામાંઆવ્યુહતુ.આપ્રસંગેનાની વાવડી ગામના સ્થાનીક આગેવાનો તેમજ પદાધીકારીઓઅનેજીલ્લાનાવિવિધક્ષેત્રના આગેવાનો ખેડુતો, વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ રાજકોટ લોકસભા બેઠકમાં સાંસદ તરીકે ચુંટાયા બાદ પોતાના રાજકોટ લોકસભા મત વિસ્તારમાં લોકસેવા લોક કાર્યો માટે ફટાફટ નીર્ણયો સાથે કામગીરીનો પ્રારંભ કરીદીધોછે.સતતપોતાનામતવિસ્તારમાં લોકોમાટેકાર્યરતરહેતાશ્રીપરશોત્તમભાઈ રૂપાલાની સાર્વત્રીક કામગીરીની નોંધ સાથે પ્રસંશા થઈ રહી છે.

## સંસારમાં કંસાર

# મોરબીનાં નાની વાવડીમાં પુસ્તક વિમોચનનો ભવ્ય કાર્યક્રમ યોજાયો

**સાંસદશ્રી પરશોતમભાઇ રૂપાલાના વરદ હસ્તે પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું**



અમરેલી,
મોરબીનાં નાની વાવડી ગામે પુસ્તક વિમોચન અને સંસારમાં કંસાર કાર્યક્રમ નાની વાવડીના રામજી મંદિરે યોજાયો હતો.
તેમાં પુસ્તકનું વિમોચન રાજકોટ સંસદીય બેઠકના સાંસદશ્રી પરશોતમભાઈ રૂપાલાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતુ. પુસ્તક વિમોચન કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો સહિત ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

## પહેલા પાનાનું તોફાની મેઘસવારી

ચાલુ હતુ ત્યાં ટીસી પડી ગયું હતું. જેને ઉભુ કરવાની કામગીરી શરૂ છે. અહીં બે ઈંચ વરસાદ પડ્યો હતો.

બાબાપુર અને આજુબાજુ ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ શરૂ થયો છે અને અંદાજે દોઢ ઈંચ વરસાદ વરસી ગયો હોવાનું બાબાપુરથી શ્રી હસમુખ રાવળનો અહેવાલ જણાવે છે.

અમરેલી જીલ્લામાં આજે સવારથી ભારે ઉકળાટના અંતે એકાએક બપોરબાદ વાતાવરણ પલટાયું હતુ અને અમરેલી જીલ્લાના મોટા ભાગના વિસ્તારોમાં છુટો છવાયો હળવો ભારે વરસાદ પડ્યો હતો અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. અમરેલી શહેરમાં સાંજના સમયે અચાનક વરસાદનું જોરદાર જાપટું પડ્યું હતુ.આજુ બાજુના ગ્રામ્ય વિસ્યારો જેવા કે ફતેપુર, વિઠ્ઠલપુર, નાના ભંડારીયા, બાબપુર, સહિતના ગામોમાં વરસાદ પડ્યો હતો. રાજુલામાં વરસાદ પડતા રોડ પર પાણી વહેતા થયા હતા તે રીતે બગસરા અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ ધોધમાર વરસાદ પડ્યો હતો. અમરેલીના નાના ભંડારીયામાં વરસાદને કારણે વોકળુ બે કાંઠે વહેતુ થયુ હતુ અને બંને બાજુ ગ્રામ્ય રસ્તાઓ બંધ થઈ ગયા હતા. ધારીના દિતલા ગામે વરસાદને કારણે ખેડુતનું ગાડુ તણાઈ ગયુ હતુ. આમ અમરેલી જીલ્લાના ગામોમાં છુટો છવાયો વરસાદ થતા ઠંડક પ્રસરી હતી અને આગોતરા વાવેતરને જીવતદાન મળ્યું હતુ. ડીઝાસ્ટરમાં જણાવ્યા અનુસાર ધારીમાં ૬ મીમી અને ખાંભામાં ૧૧ મીમી વરસાદ પડ્યો છે. જ્યારે અમરેલીનાં વરસાદની કોઈ નોંધ થઈ નથી.

---

અમરેલીના જિલ્લાનાં થર્ડ એડીશ્નલ ડિસ્ટ્રીક્ટ જજ સાહેબની કોર્ટમાં મુ.ધારી
રેગ્યુલર દિવાની અપીલ નં.૧૬/૨૦૨૪........................ મુદત તારીખ : ૧૯-૦૭-૨૦૨૪
અરજદારના વિ.વ.શ્રી ડી.એચ.મુછાળા

બીજલભાઇ રામભાઇ હરીજન ઉ.વ.૭૭, ધંધો ખેતી, રહે.ત્રાકુડા, તા.ખાંભા, જી.અમરેલી રહે.અમૃતપુર, તા.ધારી, જી.અમરેલી....... વિવાદી

વિરૂધ્ધ.......................... (૪) ગુજ.કુંભાર માવજીભાઇ ગોવિંદભાઇના વારસો (૪.૧) રાજુબેન માવજીભાઇ કુંભાર તે રાઘવભાઇના પત્ની મુ.કે/ઓ ચિરાગભાઇ રાઘવભાઇ ડેડાણવાળા જેરામભાઇ વોરાની વાડી, વરાછા રોડ, સુરત (૪.૩) ધનજીભાઇ માવજીભાઇ કુંભાર ઉ.વ.૬૦, રહે.ત્રાકુડા, તા.ખાંભા, જી.અમરેલી (૪.૪) પુરીબેન માવજીભાઇ કુંભાર તે દેવાયતભાઇ વરીયાના પત્ની કે/ઓ વિનુભાઇ દેવાયતભાઇ વરીયા મુ.સુરત, કતારગામ, રમણનગર સોસાયટી, શાંતિનગરની બાજુમાં, સુરત....................પ્રતિવિવાદી

અરજ : સિવિલ પ્રોસીઝર કોડની કલમ-૯૬ અન્વયે અપીલ

### -:: જાહેર નોટીસ ::-

આથી ઉપર કહેલા પ્રતિવાદી નં.(૪.૧), (૪.૩) તથા (૪.૪) ને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત વિવાદીએ પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ ખાંભામાં ચાલી ગયેલ રેગ્યુલર દિવાની મુકદમા નં.૨૧/૨૦૦૪ માં થયેલ હુકમથી નારાજ થઇ અત્રેની કોર્ટમાં સિવિલ પ્રોસીઝર કોડની કલમ-૯૬ અન્વયે અપીલ દાખલ કરેલ છે. વાસ્તે આ ઉપરથી તમોને ફરમાવવાનું કે તમારા સઘળા લેખીત પુરાવા રજુ કરવાની મુદત તારીખ : ૧૯-૦૭-૨૦૨૪ ઠરાવવામાં આવેલ છે. તો મુકરર કરેલ દિવસે તમારા સઘળા લેખીત પુરાવા અને બચાવના આધાર સહ જાતે અગર માહિતગાર કરેલ વકીલ મારફત અત્રેની કોર્ટમાં બિનચુક હાજર રહેશો. આ ઉપરથી તમોને જાહેર નોટીસ આપવામાં આવે છે કે જો ઉપર જણાવેલ દિવસે તમો હાજર નહી થાવ તો તમારી ગેરહાજરી ગણી અરજી સાંભળી તેનો નિકાલ કરવામાં આવશે. વળી તમોને એવી પણ નોટીસ આપવામાં આવે છે કે મુકરર કરેલી તારીખે અથવા તે પહેલા બજવણી માટે તમારો પતો લખવા તમો કસુર કરશો તો તમારા બચાવ ઉપર ધ્યાન આપવામાં આવશે નહી. આજ તા.૨૦ મી માહે જુન સને.૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| એમ.પી.વાઘેલા | પી.બી.ધાધલ | | વી.કે.પરમાર - ઇ.ચા.રજીસ્ટ્રાર |
| આસીસ્ટન્ટ | શિરસ્તેદાર | | થર્ડ એડીશ્નલ ડિસ્ટ્રીક્ટ કોર્ટ ધારી |

---

### સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ કચેરી ધારી

નં. એમએજી/વશી/૨૪૨/૨૦૨૪
તા.૧૦/૦૬/૨૦૨૪

અરજદાર :- શ્રી વાળા સંજયભાઈ પથુભાઈ રહે.વાઘવડી, તા.ધારી
વિરૂધ્ધ સામાવાળા :- તલાટીકમ મંત્રી વાઘવડી ગ્રામ પંચાયત

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે શ્રી વાળા સંજયભાઈ પથુભાઈ રહે.વાઘવડી વાળાએ તેમના દાદી વલુબાઈબેન વા/ઓ સોમલાભાઈ વાળાનું અવસાન તા.૨૦-૦૧-૨૦૦૯ ના રોજ ધારી તાલુકાના વાઘવડી મુકામે થયેલ હોવા ની મરણ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને કાંઇ વાંધો તકરાર કે હરકત હોય તેઓએ તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬-૦૭-૨૦૨૪ ના રોજ ૧૨-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

સ્થળ : ધારી

કોર્ટનો સિક્કો

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ધારી

---

### નામ બદલાવેલ છે

આથી હું નાગાણી શહેનાઝબેન અલ્તાફભાઇ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ નાગાણી શહેનાજ અલ્તાપભાઇ માંથી બદલાવીને નાગાણી શહેનાઝબેન અલ્તાફભાઇ (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું નાગાણી શહેનાઝબેન અલ્તાફભાઇ (નવુ) તરીકે ઓળખાઇશ.

સહી : નાગાણી શહેનાઝબેન અલ્તાફભાઇ
એડ્રેસ : બટારવાડી, કાબરીયા ચોક, હઠીલા હનુમાન મંદિર, ગામ : અમરેલી જી.અમરેલી - ૩૬૫૬૦૧

---

**PM SHRI SCHOOL JAWAHAR NAVODAYA VIDYALAYA MOTA BHANDARIYA, AMRELI**
**DIST. : AMRELI**

### RETENDER NOTIFICATION

Sealed Tenders are invited at JNV, Amreli for 1. Grocerry 2. Vegetable 3. Fruits 4. Backery S.Milk and its Product 6. M&R 7. Cloth Washing from the suppliers for year 2024-25. Documents can be obtained from the Vidyalaya office on all working day from 24.06.2024 to 02.07.2024 during office hours on payment of non-refundable amount Rs. 500/- (Rs. Five Hundred Rupees only) each from. The form can also be downloaded from Vidyalaya Website i.e. www.navodaya.gov.in/ans/nvs-school/AMRELI/en/home/ or CPPP E Publish Portal and DD/online payment slip of Rs.500/- for each from should be enclosed. Duly filled Tender from should be sent by register post/ By hand in the Vidyalaya office before last Date i.e. 02.07.2024 at 05:00 PM as per T&C. The opening date for the tender is 03.07.2024 at 11:00 AM, if any change in the date of opening will be communicated.

(Sh.Vijaykumar S.Bhos)
Principal

---





... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઈઝર્સ
◆◆◆◆ RTO એડવાઈઝર્સ ◆◆◆◆
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ: ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC: પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫




સ્પે. કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ
પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

















---

ચતુર્થ વાર્ષિક પુણ્યતિથીએ

### ભાવભરી શ્રધ્ધાંજલી



**સ્વ.નારણભાઇ રણછોડભાઇ ગઢાદરા (ઉ.વ.૮૪)**
**સ્વ.તા.૨૩-૦૬-૨૦૨૦, ગામ : પુતળીયા (દાડમા)**

સજજનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારૂ જીવન હતું,
પરોપકાર તમારૂ રટણ હતું, સત્કાર્ય તમારી શોભા હતી,
જીવનભર તન તોડ મહેનત કરી શૂન્યમાંથી સર્જન કરી અમોને
સુખના સાગરમાં તરતા મુકયાં તમે. આપના દિવ્ય આત્માને
પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના...
।। જય સોમનાથ મહાદેવ દાદા ।।

લી. સ્વ.સવિતાબેન એન. ગઢાદરા
હર્ષદભાઇ નારણભાઇ ગઢાદરા મો. ૬૩૫૨૨ ૦૯૯૨૯, ૯૪૨૬૧ ૩૦૩૬૦
વસંતભાઇ નારણભાઇ ગઢાદરા મો. ૯૮૧૯૭ ૫૦૮૭૯
વનરાજ, હાર્દિક, જલધિ, ઉદય, પૃથ્વી
પુત્રી-જમાઇ : ઇલાબેન ભુપતભાઇ સોલંકી (કંસારી ઉના)
ભાવનાબેન ઘનશ્યામભાઇ સરવૈયા (જાળીયા)
ભાણેજ : સુમિત, શુભમ, ભુમીકા, ડોલીબેન
જે.પી.ભેડા (નિવૃત મામલતદાર) - રાજેશ વી. ભેડા

---


## શ્યામ આંખની હોસ્પિટલ

**ડો. કપિલ બી. વરૂ (M.S.)**
(આંખના સર્જન)
મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત

૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી

**અહીં ઉપલબ્ધ સુવિધા :**

- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર આંખના નંબરની યોગ્ય તપાસ કરવાનું અતિ આધુનિક PHOROPTER TOPCON મશીન(જાપાન)
- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર મોતીયાના ઓપરેશન માટે આધુનિક OERTLI ફેકો મશીન (સ્વીઝરલેન્ડ)
- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર નેત્રમણી (LENS) નું માપ લેવા માટે DGH મશીન (અમેરીકા)
- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર VINYL FLOORING અને AIR PURIFIER થી સજ્જ અદ્યતન ઓપરેશન થીયેટર
- ઓપરેશન માટે ZEISS MICROSCOPE (જર્મની)
- ઝામરની તપાસ માટે I - CARE મશીન (ફીનલેન્ડ) અને AP-PLANATION મશીન (સ્પેન)
- આંખની સંપુર્ણ તપાસ માટે SLITLAMP TOPCON (જાપાન)
- આંખનું માપ લેવા માટે ઓટોમેટીક KR-1 (જાપાન) દરેક પ્રકારના મેડીકલેઇમની સુવિધા
- સ્પેશ્યલ તથા સેમી સ્પેશ્યલ રૂમની સુવિધા
- દવાઓ તથા આધુનિક ચશ્મા હોસ્પિટલમાં જ ઉપલબ્ધ

-: સ્થળ :-

| -: અમરેલી :- | -: રાજુલા :- |
|---|---|
| સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા, હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦ | શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦ |

---

રજી.સે.શ.૩૬૭૫૨ ।। સત્યમેવ જયતે ।। ઓડીટ વર્ગ 'અ'

## અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

### દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

### આકર્ષક વ્યાજદરો

**સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા**

- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ
- ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

વિશ્વાસ તમારો અને મહેનત અમારી

## અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.

| • બાયપાસ બ્રાન્ચ • | • બાબરા બ્રાન્ચ • | • ધારી બ્રાન્ચ • |
|---|---|---|
| સિલ્વર શાઈન કોમ્પલેકસ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી. | સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯ | રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯ |

